આજનો સુવિચાર
જિંદગી ખુલ્લી કિતાબ છે નો તેનો અર્થ એવો નથી કે મનફાવે ત્યારે પાના ફાડી નાખવા

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૮૦ જૂનાગઢ તા.૧૧-૧૧-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 280, Junagadh : Date : 11 November, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

## સુરત રેલ્વે સ્ટેશને ધક્કા-મુક્કી થતાં એકનું મોત : પાંચ ઈજાગ્રસ્ત



સુરત તા. ૧૧
સુરત રેલવે સ્ટેશન પરથી બે દિવસથી ઊપડતી ટ્રેન પકડવા મોટી સંખ્યામાં મુસાફરો ઊમટી પડતાં અફરાતફરી મચી જવા પામી હતી. આજે પાંચ લોકો દબાઈ જવાના કારણે ઢળી પડ્યા હતા, જેથી ત્યાં હાજર રેલવે પોલીસ દ્વારા CPR આપી બચાવવાનો પ્રયાસ કર્યો હતો, જે પૈકી બેની હાલત ગંભીર થતાં ૧૦૮ દ્વારા નજીકની હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં યુવકને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.

આ મામલે નવસારી આવેલા ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ નિવેદન આપતા જણાવ્યું હતું કે, સુરત અને ઉધના સ્ટેશન પરની ભીડને કંટ્રોલ કરવા માટે પોલીસ સખત મહેનત કરી રહી છે, હું ખુદ સુરત જવાનો છું. બોગીમાં નિયત સંખ્યા કરતાં વધુ પ્રવાસીઓ ચડી જતા પાંચ લોકોને બેભાન થઈ ગયા છે. પોલીસ હાલ વ્યવસ્થામાં લાગી છે. હું નવસારીનો કાર્યક્રમ પૂર્ણ કરીને સુરત રેલવે સ્ટેશન પર જઈ રહ્યો છું. સુરત રેલ્વે સ્ટેશન પર વધુ ભીડને કારણે બોગીમાં પાંચ મુસાફરો બેભાન થતા હોસ્પિટલ ખસેડાયા હતા. સુરત અને ઉધના રેલવે સ્ટેશન પર થતી ભીડને કંટ્રોલ કરવા માટે પોલીસને ભારે મુશ્કેલી પડી રહી છે. ભારે ભીડને કારણે પ્રવાસીઓને કાબુ કરી શકાયા નથી તેથી આ ઘટના બની છે. તપાસનાં આદેશ આપ્યા છે તેમ હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.

## ધનતેરસે ગુજરાતમાં રૂા. ૪૩૯ કરોડનું ૭૦૦ કિલો સોનુ વેચાયું

અમદાવાદ,તા.૧૧
ગુજરાતમાં ધનતેરસના શુભ દિવસે સુવર્ણવર્ષા થઈ હોય તેમ એક જ દિવસમાં રૂા.૪૩૯ કરોડની કિંમતના ૭૦૦ કિલો સોનાનુ વેચાણ થયુ છે. ૬૦ ટકા જવેલરી તથા બાકીના ૪૦ ટકા સોનાનાં સિકકા-બિસ્કીટ વેચાયા હતા. એક અંદાજ પ્રમાણે માત્ર અમદાવાદમાં જ ૩૦૦ કિલો સોનાનુ વેચાણ થયુ હતું. એસોસીએશનના ડાયરેકટર હરેશ આચાર્યએ જણાવ્યું હતું કે ધનતેરસે સોના-ચાંદીની શુભ ખરીદીની પરંપરા છે. આ વખતની ધનતેરસ ઘણી સારી રહી છે. સવારથી મોડીરાત્રી સુધી જવેલર્સ શોરૂમોમાં ગ્રાહકોની ભીડ હતી. દરેક ગ્રાહકની ખરીદી સરેરાશ દસ ગ્રામની હોવાનું અનુમાન છે. એકાદ માસ પુર્વે સોનાના ભાવ નીચા આવી ગયા છે અને ત્યારે જ ખરીદી વધવા લાગી હતી. જો કે, વર્ષ દરમ્યાન સોનાના વેચાણમાં સરેરાશ ૨૦ ટકાનો ઘટાડો અંદાજાય છે. છેલ્લા વર્ષમાં સોનામાં સરેરાશ ૨૭ ટકાનો ભાવવધારો થયો હતો. ગત વર્ષે દિવાળી પર્વમાં સોનાનો ભાવ ૫૨૬૦૦ હતો તે ગઈકાલે ૬૨૭૦૦ હતો. ઉંચા ભાવનો પણ પ્રત્યાઘાત માલુમ પડયો હતો.

## અમેરીકાને ફટકો : મૂડીઝે રેટીંગ નેગેટીવ કરી દીધું

વોશીંગ્ટન,તા. ૧૧ : અમેરિકી સરકારે રેટિંગ એજન્સી મૂડીઝના નિર્ણય અંગે નારાજગી વ્યક્ત કરી છે. હકીકતમાં, મૂડીઝે યુએસ ક્રેડિટ રેટિંગનો આઉટલૂક સ્થિરથી ઘટાડીને નેગેટિવ કરી દીધો છે. જોકે રેટિંગમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. એજન્સીએ કહ્યું કે આ નિર્ણય વધતી જતી રાજકોષીય ખાધ અને ઘટતી લોન લેવાની ક્ષમતાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. જો કે, અમેરિકી સરકારે આ નિર્ણય પર નારાજગી વ્યક્ત કરી છે. રેટિંગ એજન્સીની જાહેરાત બાદ વ્હાઈટ હાઉસના પ્રવક્તાએ આ નિર્ણય સાથે અસહમતિ વ્યક્ત કરી છે. આ વર્ષની શરૂઆતમાં ફિચે અમેરિકાનું રેટિંગ ડાઉનગ્રેડ કર્યું હતું.

એજન્સીએ જણાવ્યું હતું કે ખાધ ઉચ્ચ સ્તરે યથાવત છે. તેની સાથે બજેટનો મોટો હિસ્સો વ્યાજ ખર્ચમાં ખર્ચવામાં આવી રહ્યો છે.

## અયોધ્યા નગરી રોશનીથી ઝગમગી ઉઠી આજે ભવ્ય દિપોત્સવ : વિશ્વ રેકોર્ડ બનશે

અયોધ્યા તા. ૧૧ : રોશનીના પર્વ માટે અયોધ્યા રોશનીથી ઝગમગી ઉઠી છે . શણગાર એવી રીતે કરવામાં આવ્યો છે કે જાણે પૃથ્વી પર સ્વર્ગ ઉતરી આવ્યું હોય. ચમકતા રસ્તાઓ, એક રંગમાં રંગાયેલી ઈમારતો અને આકર્ષક લાઈટિંગ સાથે રામકથા પર આધારિત ૧૫ તોરણ અને અનેક સ્વાગત દ્વાર અયોધ્યાની સુંદરતામાં વધારો કરી રહ્યા છે. આજે દીપોત્સવમાં માત્ર રામ કી પૌરી ખાતે ૨૧ લાખ દીવા પ્રગટાવવાની તૈયારીઓ કરવામાં આવી છે, જે એક વર્લ્ડ રેકોર્ડ પણ સાબિત થશે. આ રેકોર્ડ હાંસલ કરવા માટે વધારાના ૩ લાખ ૬૦ હજાર દીવા પણ પ્રગટાવવામાં આવશે જેથી દીપમાળા સતત જળવાઈ રહે. આજે કુલ ૨૫ લાખ દીવડા પ્રગટાવી વિશ્વ રેકોર્ડ કરવામાં આવશે.


આજે સાંજે રામલલ્લાના દરબારમાં પહેલો દીવો પ્રગટાવતાની સાથે જ સમગ્ર અયોધ્યા ઝળહળી ઉઠશે. ભગવાન શ્રી રામ પુષ્પક વિમાનના રૂપમાં હેલિકોપ્ટરમાં અયોધ્યા પહોંચશે. મુખ્યમંત્રી યોગી અને રાજયપાલ આનંદી બેન પટેલ તેમનું સ્વાગત કરશે. આ પછી મુખ્યમંત્રી યોગી વશિષ્ઠની ભૂમિકામાં શ્રી રામનો રાજયાભિષેક કરશે. આ પ્રસંગના સાક્ષી બનવા માટે લગભગ પાંચ હજાર મહેમાનો રામકથા પાર્કમાં હાજર રહેશે. આ વખતે સરયૂ બ્રિજ પર ૨૦ મિનિટ સુધી ગ્રીન ફટાકડા ફોડવામાં આવશે.

## ફૂલોનાં ભાવમાં ભારે ઉછાળો

નવી દિલ્હી તા. ૧૧ : દિવાળીના પાંચ દિવસીય તહેવારમાં ધનતેરસથી ભાઈબીજ સુધી ફૂલોના હાર અને છૂટ્ટા ફૂલોની માગમાં મોટો ઉછાળો આવ્યો છે. ધનતેરસ અને દિવાળીની દિવસે ચોપડા પૂજનમાં ગલગોટા ફૂલની માંગ વધુ રહે છે. જેના લીધે ગલગોટા ફૂલના ભાવો બમણા થઈ ગયા છે. સામાન્ય દિવસોમાં ગલગોટા રૂ.૪૦ કિલો મળતા હતા તે આજે રૂ.૮૦ મળી રહ્યા છે.આ ઉપરાંત આસોપાલવનું ૨૫ ફુટનું તોરણ જે રૂ.૫૦માં મળતું હતું તે હાલમાં રૂ.૧૦૦માં મળી રહ્યા છે. ફૂલ બજારમાં ઘરના મંદિરોમાં ભગવાનને ચડાવવા માટેનાં છૂટા ફૂલ અને ફૂલના હારની વધુ માંગ રહી હતી.

ગુજરાત માં પ્રથમ વખત કેમીકલ ફ્રી ફુડ ફ્રેન્ચાઈઝી ચેન એટલે
Mo. 99099 19962
PANDEYJI
PARCEL POINT
CHEMICAL FREE FOOD
• પંજાબી • ચાઈનીઝ • પાંઉભાજી • ગુજરાતી •
મેઈન બ્રાંચ : જૂનાગઢ ૨૧+ ફ્રેન્ચાઈઝી
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, આસ્થા કોમ્પ્લેક્ષ, વણઝારી ચોક, જૂનાગઢ.


મહાયોગી
વિરેચન ચૂર્ણ
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦ ૯૪૨૯૭ ૭૫૦૭૫


ખોડલધામ ટુર
તા. ૧૫-૦૩-૨૦૨૪ થી ટુર ઉપડશે
સ્લીપર બસ દ્વારા
દિવસ-૪૦
જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રાધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે
એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે - એક વખત ચારધામની યાત્રા કરી જીવન સાર્થક બનાવો
વહેલા તે પહેલાનાં ધોરણે
: બુકીંગ સંપર્ક :
મથુરભાઈ વાગડીયા
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ

સૌરાષ્ટ્રનો નં.૧ સીલીન્ડર રી-ટેસ્ટીંગ પ્લાન્ટ
CNG - LPG
રી-ટેસ્ટીંગ
CNG ફીટીંગ સેન્ટર
યશ ઓટો ગેસ
મો. ૯૮૯૮૪ ૪૮૬૪૪
ઝાંઝરડા બાયપાસ ચોકડી, LPG પંપની પાછળ, જૂનાગઢ

હોટેલ ગ્રીનલેન્ડ
જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ
HOTEL GREENLAND
ઠાકરથાળ
સુવિધાઓ
● બેન્કવેટ હોલ
● પાર્ટી લોન
મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ
ઠાકર થાળ એક ખાનદાની પરંપરા
સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ
● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ
જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com


હોટલ ગામઠી
● કાઠીયાવાડી
● પંજાબી
● ચાઈનીઝ
● ફાસ્ટફૂડ
બાયપાસ રોડ, ખામધ્રોળ રોડ, જૂનાગઢ (ખામધ્રોળ ચોકડી)
મો. ૮૯૮૦૮ ૦૨૯૨૩

દિવાળીની હાર્દિક શુભેચ્છા.....
અશોકભાઈ મશરૂ ફોન : ૦૨૮૫ - ૨૬૫૦૪૨૯
દિલિપભાઈ મશરૂ મો. ૯૪૦૯૧ ૨૪૯૯૯
ભાવેશભાઈ મશરૂ મો. ૯૦૩૩૨ ૭૦૧૯૫

કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ
આર. હેમતલાલ એન્ડ કાં.
પોસ્ટ ઓફીસ રોડ, જૂનાગઢ - ૩૬૨૦૦૧




દિપાવલીનાં તહેવાર નિમિતે ફરસાણનાં ભાવમાં જંગી ઘટાડો

| | | |
|---|---|---|
| પૌવાનો ચેવડો ૧ કિલો રૂા. ૧૬૦/- | ડ્રાયફ્રુટ ઘુઘરા ૧ કિલો રૂા. ૨૮૦/- | તીખા ગાંઠીયા ૧ કિલો રૂા. ૧૮૦/- |
| સુરતી ભુસું ૧ કિલો રૂા. ૧૬૦ | ફરસાણ ૧ કિલો રૂા. ૧૬૦/- | ખાજલી ૧ કિલો રૂા. ૧૮૦/- |
| ડ્રાયફ્રુટ ધારી ૧ કિલો રૂા. ૨૮૦/- | ફાફડી ગાંઠીયા ૧ કિલો રૂા. ૧૮૦/- | મસાલા ખાજલી ૧ કિલો રૂા. ૨૦૦/- |


સ્પે. ઘઉનાં પૌવાનો ચેવડો ૧ કિલો રૂા. ૧૬૦/-
સ્પે. પંચરત્ન ચેવડો ૧ કિલો રૂા. ૧૮૦/-
દરરોજ તાજે તાજુ ફરસાણ અમારે ત્યાંથી મળશે
(ઠા. મનસુખભાઈ લુશાળા વાળા)
દિપક એમ. રૂપારેલીયા

જલારામ ફરસાણ એન્ડ ડેરી ફાર્મ
એમ.જી. રોડ, તાલુકા શાળા સામે, જૂનાગઢ.
મો. ૯૪૨૭૭ ૪૧૪૨૪

# દિવાળી પર્વને લઈ શ્રી ખોડલધામ મંદિરે રંગબેરંગી લાઈટોનો ઝગમગાટ

## દિવાળી પર્વમાં શ્રી ખોડલધામ મંદિરે લાખો ભક્તો ઉમટશે





(પ્રતિનિધિ દ્વારા)

કાગવડ, રાજકોટ તા.૧૧

માં ખોડલનો જ્યાં સાક્ષાત વાસ છે એવું રાજકોટ જિલ્લાના કાગવડ ગામ પાસે આવેલું શ્રી ખોડલધામ મંદિર દેશ - વિદેશમાં જાણીતું બની ગયું છે. ટૂંકાગાળામાં જ ખોડલધામની ભક્તિની સુવાસ ચારેકોર ફેલાઈ ચૂકી છે. ધર્મ સ્થાનની સાથે સાથે ખોડલધામ સૌરાષ્ટ્રનું પ્રવાસન ધામ પણ બની ગયું છે. એમાંય વેકેશનના દિવસોમાં તો શ્રી ખોડલધામ મંદિરે દરરોજ લાખોની સંખ્યામાં ભક્તો ઉમટી પડે છે. ત્યારે હાલ દિવાળી પર્વને લઈને શ્રી ખોડલધામ મંદિર અને સમગ્ર પરિસરને અવનવી લાઈટોથી શણગારી દેવામાં આવ્યું છે.

**૫૦૦થી વધુ સ્વયંસેવકો અને ટ્રસ્ટનો સ્ટાફ સેવા બજાવશે**

દિવાળીના પર્વને લઈને શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. દિવાળીના પર્વને લઈને મંદિર પરિસરમાં રંગબેરંગી લાઈટોથી સુશોભન કરવામાં આવ્યું છે. દિવાળી પર્વમાં દેશ-વિદેશમાંથી લાખો ભક્તો મા ખોડલના દર્શનાર્થે પધારવાના હોય વ્યવસ્થાના ભાગરૂપે દરરોજ ૫૦૦થી વધુ સ્વયંસેવકો અને શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડનો સ્ટાફ સેવા બજાવશે. વિશાળ ૪ જેટલા પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. ભક્તો મા ખોડલના દર્શનાર્થે આવતા હોય ત્યારે તેઓને પાર્કિંગથી લઈને મંદિર સુધી કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે, પાર્કિંગ, મંદિર, કેન્ટીન, અન્નપૂર્ણાલય, બગીચા, ગજીબા, શક્તિવન, ચા ઘર, પ્રસાદ ઘર સહિત તમામ જગ્યાએ સ્વયંસેવકોની ટીમ ખડેપગે રહેશે.

**મંદિર પરિસરમાં અવનવી રંગોળીઓ પૂરવામાં આવશે**


દિવાળી પર્વમાં દરરોજ માતાજીને અવનવા વિશિષ્ટ શણગાર કરવામાં આવશે. સાથે જ મંદિર પરિસરમાં અવનવી રંગોળીઓ પૂરવામાં આવશે. ભક્તો મા ખોડલને સુખડી, શ્રીફળ, ચુંદડી સહિતનો પ્રસાદ ધરીને આરાધના કરતાં હોય છે ત્યારે ટ્રસ્ટ દ્વારા ૫૦ હજાર જેટલા સુખડીના પેકેટ તૈયાર કરવામાં આવ્યા છે. શ્રી ખોડલધામ મંદિર પરિસરના પ્રવેશદ્વાર સવારે ૫:૩૦ કલાકે ખોલવામાં આવે છે.

સવારે ૬:૦૦ કલાકે આરતી ઉતારવામાં આવે છે. ત્યાર બાદ બપોરે અને સાંજે થાળ ધરવામાં આવે છે. સાંજે ૬:૩૦ કલાકે માતાજીની આરતી કરવામાં આવે છે. માતાજીના દર્શન દિવસ દરમ્યાન ખુલ્લા રહે છે. સાંજે ૯:૦૦ કલાકે માતાજીના દર્શન બંધ થાય છે અને મંદિર કેમ્પસ ૯.૩૦ કલાકે બંધ થાય છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલે દિવાળી અને નૂતન વર્ષની સૌ કોઈને શુભેચ્છા પાઠવી છે અને દર્શનાર્થીઓ મા ખોડલના દર્શન શાંતિપૂર્ણ માહોલમાં કરે તેવી અપીલ કરી છે.

# જૂનાગઢમાં જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે દિપાવલી પર્વ પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમ




**ગઈકાલે ધનતેરસે વિશેષ પૂજા આજે કાળી ચૌદશ પર્વે હનુમાનજી મહારાજનું પૂજન અને આવતીકાલે દિપાવલી પર્વ પ્રસંગે મહાલક્ષ્મી શારદા પૂજનનો યોજાશે કાર્યક્રમ**



(પ્રતિનિધી દ્વારા)

જૂનાગઢ તા. ૧૧

જૂનાગઢમાં જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામિ નારાયણ મુખ્ય મંદિર ખાતે દિપાવલી અને નૂતન વર્ષના પર્વ નિમિતે ધર્મોત્સવના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ અંગે શ્રી સ્વામિ નારાયણ મુખ્ય મંદિરના મહંત સ્વામી શાસ્ત્રી શ્રી પ્રેમસ્વરૂપદાસજીએ જણાવ્યુ હતુ કે ગઈકાલ તા.૧૦ને શુક્રવારથી દીપોત્સવી પર્વનો પ્રારંભ થયો છે. ત્યારે આ પર્વના પ્રારંભે શુક્રવારને ધનતેરસના રોજ સવારે ૯ કલાકે ધન પૂજન સવારે ૯ થી ૧૦ સુધી કરવામાં આવ્યું હતું તેમજ આજ તા.૧૧ને શનીવારે કાળી ચૌદસના રોજ સવારે ૧૧ થી ૧૨ હનુમાનજી પુજનનો કાર્યક્રમ યોજાયો હતો અને આવતીકાલ તા.૧૨ને રવીવારે દિવાળી પર્વે મહાલક્ષ્મી શારદા(ચોપડા પુજન) કુબેર પુજન સાંજે ૫:૫૫ થી ૭:૩૦ કલાક સુધી તેમજ તા. ૧૩ ને સોમવારનાં રોજ સવારે ૧૦ કલાકે ગોવર્ધન પૂજન અને બપોરે ૧૨ કલાકે અન્નકૂટ દર્શનની આરતી અને ૧૨ થી ૫ અન્નકૂટ દર્શન, સાંજે ૬.૩૦ કલાકે સંધ્યા આરતી અને ૮.૩૦ કલાકે શયન આરતી થશે. તા.૧૪ ને મંગવારનાં રોજ નૂતન વર્ષ ઉજવાશે. આ દીપોત્સવી પર્વે યોજાનાર ધર્મોત્સવનો લાભ લેવા સૌ હરિભક્તો અને ધર્મપ્રેમી જનતાને શ્રી રાધારમણ દેવ ટેમ્પલ બોર્ડના ચેરમેન કો.સ્વા.શ્રી દેવનંદનદાસજી વગેરે સમસ્ત ટ્રસ્ટી મંડળે તથા મંદિરના મહંત સ્વામી શાસ્ત્રી શ્રીપ્રેમસ્વરૂપદાસજીએ દેવ દર્શન વગેરેનો લાભ લેવા હાર્દીક નિમંત્રણ પાઠવ્યુ છે. આ માટે કો. પી.પી. સ્વામી, સ્વા. મુંજવીહારીદાસજી, પ્રફુલભાઈ કાપડીયા વગેરે સંતો હરિભક્તો જહેમત ઉઠાવી રહ્યા છે.

# જૂનાગઢમાં તલવાર વડે હુમલો : પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ શહેરમાં હાઉસીંગ બોર્ડ કોલોની, બ્લોક નં-૩૦૪ પાસે બનેલા એક બનાવમાં તલવાર વડે હુમલો કર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે સી ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર, હાઉસિંગ બોર્ડ બ્લોક નં-૨૯૮માં રહેતા અને મુળ રહે.દિપ પશ્ચીમ વોર્ડ-૧, જી.મધુબની બિહારના ગણેશભાઈ લક્ષ્મણભાઈ સહાય(ઉ.વ.૨૬)એ શનીભાઈ પરમાર રહે.હાઉસીંગ બોર્ડ કોલોની, બ્લોક નં-૩૦૪ વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદી બિલ્ડીંગના ધાબા ઉપર સુવા માટે જતો હતો ત્યારે પહેલા માળે પહોંચતા હાઉસીંગ કોલોની બ્લોક નં-૩૦૪માં રહેતો શનીભાઈ તેની પત્ની સાથે ઝગડો કરતો હોય જેથી ફરિયાદી ત્યાં બહાર સીડીઓ પાસે ઉભો રહેતા આ શનીભાઈએ ફરિયાદીને ભુંડી ગાળો બોલી તલવાર લઈ બહાર આવી ફરિયાદીના માથામાં તલવારનો એક ઘા માથામાં મારી ઈજા કરી જીલ્લા મેજી. જૂનાગઢના બહાર પાડેલ હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાવતા સી ડીવીઝન પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ખંભાળિયામાં ધનતેરસ નિમિત્તે સુવર્ણ ખરીદી કરીને સુકન સાચવતા નગરજનો

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૧

ધનતેરસના સપરમા દાડે ગઈકાલે શુક્રવારે ખંભાળિયા શહેરના સોની વિક્રેતાઓને ત્યાં લોકોએ વિવિધ પ્રકારની ખરીદી કરી અને સુકન સાચવ્યું હતું. હાલ સોના-ચાંદીના ભાવ આસમાનને આંબી રહ્યા હોય, લોકોએ પોતાના બજેટ પ્રમાણે સોના-ચાંદીના દાગીના કે ગીનીની ખરીદી કરી હતી.

# પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સોમનાથ મહાદેવને જલાભિષેક કરી પરિવાર સાથે સુવર્ણ કળશ પૂજા અને ધ્વજા પૂજા કરી






(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૧

રાજયના પૂર્વ મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણી સહપરિવાર સોમનાથ મહાદેવના દર્શને પધાર્યા હતા. દેવાધિદેવ સોમનાથ મહાદેવના દર્શન તેમજ જલાભિષેક કર્યા હતા. ધન તેરસ ના પવિત્ર દિવસે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સહપરિવાર સોમનાથ મહાદેવની સુવર્ણ કળશ પૂજા તેમજ ધ્વજા પૂજા કરી હતી. આ તકે તેઓ સાથે અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ, પરિવાર તેમજ સ્નેહીજનો જોડાયા હતા. શ્રી સોમનાથ તીર્થમાં નૂતન રામ મંદિર ખાતે દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રથમ રામ નામ લખી પ્રારંભ કરાયેલ સોમનાથ થી અયોધ્યા શ્રી રામ નામ લેખન યજ્ઞ માં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી જોડાયા હતા અને દેશની એકાત્રતા માટે શ્રી સોમનાથ ટ્રસ્ટના રામનામ લેખન યજ્ઞ માટે ટ્રસ્ટને અભિનંદન પાઠવ્યા હતા.

# દીપાવલી રંગ રોશનીનું પર્વ છે : પી.જી.વી.સી.એલ.નાં નિવૃત્ત કર્મચારી જે. પી. ચાવડાની અનોખી કલા સાધના



જુનાગઢ તા.૧૧

આપણા શાસ્ત્રોમાં દરેક પર્વનું એક અનેરૂ મહત્વ રહ્યું છે, દિવાળીના તહેવારોમાં રંગ અને રોશનીનો એક અલગ જ અંદાજ હોય છે.નાના મોટા સૌ દિવાળી પર્વે ઘરના આંગણે રંગોળી ચીતરી અને આતિથ્યનો આવકારો રજૂ કરે છે. તો નાના બાળકો અને યુવાનો ફટાકડા દ્વારા રોશનીને રજૂ કરીને પોતાના મનગમતા આનંદને માણતા હોય છે, આજે વાત કરવી છે રંગોળીની અને એ પણ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ માંથી નિવૃત્ત થયેલા જગદીશભાઈ પી ચાવડા કે જેવો જૂનાગઢના સેટેલાઈટ સબ ડિવિઝનમાં સેવા નિવૃત્ત થયા છે ,તેઓ આમ જોવા જઈએ તો કોઈ પાઠશાળામાં કળાસાધના કે તેમની મહારત્ત હાંસલ કરી હોય એવી કોઈ બાબત નથી, પણ કોઠાસૂઝને કારણે સારા રંગોળીના એક આર્ટિસ્ટ છે, રણછોડ નગર વિસ્તારમાં આવેલું આત્મેશ્વર મહાદેવનું મંદિર અને આ મંદિરે આજુબાજુના સોસાયટીના ભાવિકો પ્રભાતે મહાદેવના દર્શન કરીને ત્યારે પોતાના ધંધા રોજગારના સ્થળે જતા હોય છે, મંદિરે પધારતા દર્શનાર્થીને કોઈક નવી વાત જોવા મળે એ ભાવથી અને ભગવાનના સાનિધ્ય પોતાની કળા રજૂ કરી શકે તેવા હેતુથી જે.પી ચાવડાએ પોતાના ખર્ચે પોતાની કોઠાસૂઝ થી સરસ મજાની રંગોળીનું નિરૂપણ કર્યું છે. રાતભર એકલા હાથે વિવિધ કલરોના સંયોજન કરીને મંદિરના પ્રાંગણમાં મહાદેવના સન્મુખે પોતાની કલા સાધનાને રજૂ કરી જે. પી ચાવડાએ જણાવ્યું હતુ કે મહાદેવની સાક્ષીએ કલા રજૂ કરવી એ નિજાનંદની બાબત છે,બસ ભગવાન સન્મુખ આવા કામ કરવાનું મને આનંદ આવે છે, અને આજે હું આ રંગોળી દ્વારા ભગવાનના પ્રાંગણને સુશોભિત કરવાનું હું મારૂ અહોભાગ્ય માનું છું,

મંદિરનું વહીવટી સંચાલન કરતા કેશુભાઈ ઝાલાવાડીએ કહ્યું કે જે.પી. ચાવડા મંદિર પ્રાંગણમાં જ શિવજીની પ્રતિકૃતિ સમાન એક મૂર્તિનું પૂર્ણકદની મૂર્તિનું નિરૂપણ કર્યું છે, શિવ મહિમાના વિવિધ પર્વોએ તેમને અનુરૂપ સુશોભન પણ જે. પી ચાવડા કરતા રહ્યા છે. આમ તેમનો શિવ સાથેનો લગાવ આજે રંગોળી દ્વારા પ્રદર્શિત થયો તે સૌ ભાવિકોએ આવકાર્યો છે. શ્રી ચાવડાને ભોળાનાથ નિરામય રાખે અને રંગોળી દ્વારા ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા તેમના કાર્યોને વધુ શક્તિ પ્રદાન કરે એવી સૌ ભાવિકો વતી પ્રાર્થના ઝાલાવાડી એ કરી હતી.

## ગોધરા દાહોદ હાઈવે ઉપર અખિલ ભારત લાડી લોહાણા સિંધી પંચાયતની મીટિંગ મળી



(પ્રતિનિધી દ્વારા)

જૂનાગઢ તા.૧૧

ગોધરા દાહોદ હાઈવે પર હોટલ લકઝુરા ખાતે અખીલ ભારત લાડી લોહાણા સિંધી પંચાયત ગોધરાની જનરલ મીટીંગ રાખવામાં આવેલ હતી.જેમાં મોટી સંખ્યામાં સમાજના પ્રતિષ્ઠિત અગ્રણીઓ અને અપર સિંધી પંચાયતના અગ્રણીઓની હાજરીમાં ગોધરા લાડી લોહાણા સિંધી પંચાયતના પ્રમુખ તરીકે અશોકભાઈ તુલસીદાસ ભગત અને ઉપ પ્રમુખ તરીકે અશોકકુમાર ગોવરમલ લાલવાણી અને ખજાનચી તરીકે દયાલભાઈ લાલવાણી અને ઓડીટર તરીકે પપ્પુભાઈ ખીમાણીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.


**પંચહાટડી ચોક, માંગનાથ રોડ ૧૪૦૦ સ્કેવર ફુટ જગ્યા વેંચવાની છે**

જૂનાગઢમાં પંચહાટડી ચોક, માંગનાથ રોડ વિસ્તારમાં જવેલરી, રેડીમેઈડ, સાડી તથા દરેક ધંધાને માટે શો રૂમ લાયક જગ્યા ૧૪૦૦ સ્કેવર ફુટ વેંચવાની છે

: કોન્ટેક :

મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

**ભેળસેળ સાબીત કરનારને ઈનામ રૂ. ૧ લાખ**

૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.

| | |
|---|---|
| માખણ | રૂ. ૪૨૦/- |
| મલાઈ(ક્રિમ) | રૂ. ૩૪૦/- |

૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી

| | |
|---|---|
| ભેંસનું ઘી | રૂ. ૬૦૦/- |
| ગાયનું ઘી | રૂ. ૬૨૦/- |

મલાઈવાળું દહી, ઘોરવું

તાજુ પનીર ગાયનું દુધ

**શ્રી ચંદ્ર ડેરી ફાર્મ**

શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી

(અશોકભાઈ)

આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. ફોનઃ ૨૬૨૨૮૮૮

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક**

• ટચૂકડી જાહેર ખબર •

જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે

**રાજ ડાયનીંગ હોલ**

સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે. દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.

**રાજ ડાયનીંગ હોલ**

કાળવા ચોક, જૂનાગઢ.

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**



**ધીરૂભાઈ જે. સોની**

નવો નંબર નોંધી લેશો

મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩

વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩

કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**

દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.

મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ

**વિજય ઘી ડીપો**

નવરાત્રી માટે ખાસ.. નવરાત્રી માટે ખાસ.. ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે. તેમજ ભેંસનું લેબોરેટરી ટેસ્ટ ઘી મળશે

**વિજય ઘી ડીપો**

ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ

મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

**દિપક ફટાકડા સેન્ટર**

લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે

**દિપક ફટાકડા સેન્ટર**

C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોનઃ ૨૬૫૨૬૧૨

**સ્વાદનો ચટકો !**

અમારે ત્યાંથી

- પાણીપુરી
- મસાલાપુરી
- દહીપુરી
- સેવપુરી
- ભેળ
- દાબેલી
- દિલ્હી ચાટ
- લસણીયા બટેટા
- સમોસા રગડો
- રગડા પેટીસ
- બાસ્કેટ ચાટ

તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે

:: ખાસ નોંધ ::

લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.

**જલારામ પાણીપુરી**

પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.

જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

**માણસો જોઈએ છે**

બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે

**વંદના બેકરી**

તળાવ સ્ટ્રીટ

મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

**નારાયણ બેકરી**

સુખનાથ ચોક જૂનાગઢ

મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે

**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**

વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

**આઈસ્ક્રીમ**

અંદર બેસવાની સુંદર વ્યવસ્થા

ક્રીમ લચ્છી સન્ડે આઈસ્ક્રીમ ક્રિમ મિલ્ક સેઈક

શિખંડ - બાસુંદી - દહીંવડા

કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

# દિવાળીના તહેવાર દરમ્યાન ફટાકડા ફોડવા અંગે સલામતી માર્ગદર્શિકા બહાર પડાઈ

જૂનાગઢ, તા.૧૧

દિવાળીના તહેવાર દરમ્યાન ફટાકડા ફોડવા અંગે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સલામતી માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે જે અત્રે પ્રસ્તુત છે.

**આટલું કરો**

હંમેશા લાઈસન્સ ધરાવતી દુકાનેથી જ ફટાકડા ખરીદો, ફટાકડા બંધ ખોખા ડબ્બામાં રાખો, ફટાકડા સળગી ઊઠે કે સળગતી વસ્તુઓથી દૂર રાખો, ફટાકડાઓ સાથે સૂચવેલ સલામતીની બધી સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરો, ફટાકડાઓ ફોડવા માટે રમતના મેદાન ખેતરો જેવી ખુલ્લી જગ્યા પસંદ કરો, ફટાકડા સળગાવતી વખતે તમારી જાતને સલામત અંતરે દૂર રાખો, ઉપયોગમાં લઈ લીધેલા ફટાકડાઓને પાણી ભરેલી ડોલમાં નાખો, દાજી જવાના કિસ્સામાં ઉપયોગમાં લઈ શકાય તે માટે પાણી ભરેલી ડોલ તૈયાર રાખો, આગ સામે મહત્તમ સલામતી માટે જાડા અને સુતરાઓ કપડા પહેરો આમ છતાં કપડા આગ પકડી લે તો થોભી જાઓ જમીન ઉપર આડા સૂઈ જાય આળોટો, ઈજાગ્રસ્તને દાજી જવાથી બળતરા થતી હોય તો તે ભાગ ઉપર બળતરા બંધ થઈ ન થાય ત્યાં સુધી પાણી (બરફનું પાણી નહીં) રેડવાનું ચાલુ રાખો, અગર આંગળી કે અંગૂઠા દાઝી/બળી ગયેલા હોય તો તેના ઉપર સૂકા ધંધો મુક્ત કરેલા ચોંટી ન જાય તેવા પાટા બાંધો, ખાતરી કરો કે દાગ બળી ગયેલ અસરગ્રસ્ત ના સ્વાદ ચાલુ છે જો તે બંધ થઈ ગયેલ હોય અને હવાની અવરજવરમાં કોઈ અવરોધ હોય તો તે માર્ગ ખોલી નાખો જરૂર જણાય તો બચાવ શ્વાસ ચાલુ કરો,દાઝી/બળી ગયેલા ભાગને એવી રીતે રાખો કે જેથી દબાણ કે ઘર્ષણથી તેને રક્ષણ મળે, દાઝી/બળી ગયેલા ભાગને જંતુમુક્ત કરેલા ચોખા કપડાના પાટા વડે આવરી લો (ધાબળા કે ટુવાલનો આ માટે ઉપયોગ કરવો નહીં), યોગ્ય તબીબી સારવાર માટે બને તેટલી ઝડપથી ડોક્ટરનો સંપર્ક કરો, જો આંખને દાજવાથી ઈજા થઈ હોય તો આંખના નિષ્ણાંત ડોક્ટરનો સંપર્ક કરો, જરૂર જણાય એ ફાયર બ્રિગેડ નો ફોન નંબર ૧૦૧/૧૦૮ ઉપર અને એમ્બ્યુલન્સ માટે ફોન નંબર ૧૦૨/૧૦૮ ઉપર સંપર્ક કરો, દિવાળીના તહેવારો દરમિયાન ત્યાં ડોક્ટરો પોતાની ફરજ ઉપર હાજર હશે તેની જાણકારી મેળવવી રાખો.

**આટલુ ન કરો**

લોકોને ભીડ ટોળામાં સાંકડી ગલી કે મકાનમાં ફટાકડા ન ફોડો, પુખ્ત વ્યક્તિ સાથે ન હોય તે રીતે બાળકોને ફટાકડા ફોડવા ન દો., ફટાકડા તમારા ખિસ્સામાં ન મૂકો કે તેને ગમે તેમ ફેકો નહીં, વધુ અવાજ માટે ફટાકડા ઉપર ડબલું કે કાચની શીશીનું આવરણ મૂકી સળગાવો નહીં, સળગાવ્યા પછી ફૂટીયા ન હોય તેવા ફટાકડાને ચકાસવાનો જોખમ લેશો નહીં પરંતુ તેને એમ જ છોડી દો અને નવો ફટાકડો સળગાવો, પોતાના હાથમાં જ ફટાકડા ફોડવાની શૂરવીરતા દેખાડવાનો જોખમ ન લેશો, તમે વાહનમાં હું અત્યારે ફટાકડા ના ફાડો, ફટાકડા ફોડતી વેળાએ ઢીલા ઢીલા અને લાંબા કપડા પહેરવાનું ટાળો આવા કપડા ઝડપથી આગ પકડી શકે છે., બળી ગયેલા કપડા ઉતારો નહીં ,(સિવાય કે તે સહેલાઈથી નીકળી શકે તેમ હોય) પરંતુ તેની ખાતરી કરો કે ઈજાગ્રસ્ત મળતી કે ધુંધવાથી વસ્તુના સંપર્કમાં નથી, ચોંટી જાય તેવા પાટા પટ્ટી પડેલા ભાગ ઉપર લગાડવા નહીં, બળવા કે દાઝવાના કારણે થયેલા ફોલાને ફોળો કે તોડો નહીં.

## જૂનાગઢમાં ધન તેરસના દિવસે જન્મેલ લક્ષ્મી સ્વરૂપ દીકરીઓને આવકારવા દીકરી વધામણાં કીટનું વિતરણ કરવામાં આવ્યું




જૂનાગઢ તા.૧૧

"બેટી બચાઓ બેટી પઢાઓ" યોજના ને સાર્થક કરવા અને સમાજમાં આ વિષય અન્વયે જાગૃતિ લાવવાના હેતુથી કલેક્ટરશ્રી અનિલકુમાર રાણાવસિયાનાં માર્ગદર્શન હેઠળ બેટી બચાઓ બેટી પઢાઓ સેલ જૂનાગઢ દ્વારા ધન તેરસના દિવસે જન્મેલ લક્ષ્મી સ્વરૂપ દીકરીઓને આવકારવા તેમજ સમાજમાં દીકરી-દીકરો એક સમાનનાં સૂત્રનો અમલ કરવાના હેતુથી દીકરી વધામણાં કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ સરકારશ્રીની વ્હાલી દીકરી યોજના અંગે માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સિવિલ હોસ્પિટલ ડો.કૃતાર્થ બ્રહ્મભટ્ટ મેડિકલતથા મહિલા અને બાળ અધિકારીની કચેરીના ફિલ્ડ ઓફીસર પલ્લવીબેન પાઘડાર, સખી વન સ્ટોપ સેન્ટરના અંકિતાબેન ભાખર, ડીસ્ટ્રિક્ટ હબ ફોરએમ્પાવરમેન્ટ ઓફ વુમનનો સ્ટાફ તથા ધન તેરસના દિવસે જન્મેલ દીકરીઓના વાલીઓ હાજર રહ્યા હતા.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા અંતરરાષ્ટ્રીય તાલીમ લેનાર તાલીમાર્થીઓ સાથે પરિસંવાદ યોજાયો

જૂનાગઢ, તા.૧૧


જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલયદ્વારા રાષ્ટ્રીય કૃષિ ઉચ્ચશિક્ષણ કાર્યક્રમના આઈ.ડી.પી., આઈસીએઆર અંતર્ગત વર્ષ-૨૦૨૩માં આંતરરાષ્ટ્રીય તાલીમ પૂર્ણ કરનાર ૦૬ પ્રાધ્યાપકો અને ૧૦ વિદ્યાર્થીઓં સાથે તેમણે તાલીમ અંતર્ગત મેળવેલ આધુનિક ટેકનોલોજી અને ઉચ્ચ શિક્ષણ પદ્ધતિઓ અંગેનાંજ્ઞાનવર્ધક પરિસંવાદનું તા.૭ નવેમ્બરના રોજ કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલયના સેમીનાર હોલખાતે યોજાયો હતો. આ સમારંભના અધ્યક્ષ તરીકે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડો. વી. પી. ચોવટિયા, સંશોધન નિયામક ડો. આર. બી. માદરિયા, કુલસચિવ અને ફેકલ્ટી ડીન ડો. પી. એમ. ચૌહાણ, વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એન.બી. જાદવ, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિ નિયામક ડો. આર.એમ. સોલંકી તેમજ પ્રાધ્યાપકો, ફેકલ્ટી સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આંતરરાષ્ટ્રીય તાલીમ પૂર્ણ કરનાર પ્રાધ્યાપકોમાં આઈટી નિયામક ડો. કે સી. પટેલ, સહપ્રાધ્યાપક ડો. જી. વી. પ્રજાપતિ, મદદનીશ પ્રાધ્યાપક ડો. પી.એ. પંડ્યાએ વેસ્ટર્ન સિડની યુનિવર્સિટી, ઓસ્ટ્રેલીયા, મદદનીશ પ્રાધ્યાપક ડો. પી. આર. ડાવરા, ખાદ્ય સંશોધન કેન્દ્ર, એશટાઉન, ડબલિન, આયર્લેન્ડ, મદદનીશ પ્રાધ્યાપક ડો. એમ. એસ. દુલાવતએ હોક્કાઈડો યુનિવર્સિટી, જાપાન અને મદદનીશ પ્રાધ્યાપક ડો.ચંદ્રકાંતસિંહ, ક્વીન્સલેન્ડ યુનિવર્સીટી, ઓસ્ટ્રેલીયા ખાતે આંતરરાષ્ટ્રીય તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી તેમજ તેમને મેળવેલ એડવાન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ટેકનોલોજી અંગેના પ્રેઝન્ટેશન



રજૂ કરી સર્વેને માહિતગાર કર્યા હતા.

કુલપતિ ડો. વી. પી. ચોવટિયાએ તેમના સંબોધનમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી અનેવેસ્ટર્ન સિડની યુનિવર્સિટી, ઓસ્ટ્રેલીયા વચ્ચે થયેલ એમ.ઓ.યુ. કે જે અંતર્ગત વિદ્યાર્થીઓ અનુસ્નાતક અભ્યાસ માટે વેસ્ટર્ન સિડની યુનિવર્સિટી, ઓસ્ટ્રેલીયા ખાતે જઈ શકશે તેમજ આંતરરાષ્ટ્રીય તાલીમમાં મળેલ વેશ્વિકજ્ઞાનનો ઉપયોગ કરવા માર્ગદર્શિત કરી પ્રોત્સાહિત કર્યા હતા. સંશોધન નિયામક ડો. આર. બી. માદરીયાએ આંતરરાષ્ટ્રીય તાલીમ પૂર્ણ કરનાર પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓને તાલીમથી મેળવેલ વેશ્વિકજ્ઞાનનો ઉપયોગ સ્થાનિક પરિસ્થિતિમાં કઈ રીતે કરી શકાય તે અંગે માર્ગદર્શન આપી પ્રોત્સાહિત માર્ગદર્શન આપ્યું હતુ. કુલસચિવ અને ફેકલ્ટી ડીન ડો. પી. એમ. ચૌહાણએ આઈ.ડી.પી. યોજના અંતર્ગત અત્યાર સુધી કુલ ૯૦ જેટલા વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય તાલીમ માટે અમેરિકા, તાઈવાન, દુબઈ, ઈઝરાઈલ, થાઈલેન્ડ, ઓસ્ટ્રેલિયા, જાપાન વગેરે દેશોની વિવિધ યુનિવર્સિટી મોકલેલ જે અંગે સવિસ્તર માહિતી આપી હતી.આ પરિસંવાદના અંતે આભારદર્શન પ્રો. જી. ડી. ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું.


## જૂનાગઢ શહેરમાંસ્વચ્છતા હી સેવા અભિયાન : જનજાગૃતિ માટે રંગોળી બનાવાની સાથે સાફ સફાઈ હાથ ધરાઈ



જૂનાગઢ, તા.૧૧

સ્વચ્છતા હી સેવાસફાઈ ઝુંબેશના ભાગરૂપે આજ રોજ તા૧૦-૧૧-૨૦૨૩ના રોજ જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા વોર્ડમાં સ્વચ્છતાની જાગૃતિ માટે રંગોળી કરવામાં આવી હતી. તેમજ વોર્ડ નં.૩માં મજેવડી ગેટથી ધારાગઢ રોડ અને ભરડાવાવ રોડ વિસ્તાર કે, જે આગામી દિવસોમાં દિવાળીના તહેવાર અને પરિક્રમા પણ આવતી હોય તેની તૈયારીના ભાગરૂપે ખાસ સઘન સફાઈ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. સેનીટેશન સુપ્રિટેન્ડેન્ટ હાજાભાઈ ચુડાસમા, રાજુભાઈ ત્રિવેદી, વિનાયકભાઈ અને ૩એસઆઈની હાજરીમાં સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જેમાં કચરો તેમજ સીએનડી વેસ્ટ તથા ઝાડી ઝાંખડા સહીત આશરે ૪૨ટનકચરોનો ૭૦કામદારો તેમજ ૩ ટ્રેકટર,૧ જેસીબી અને ૧ સૂપડીની મદદથી નિકાલ કરવામાં આવ્યો હતો.

## જૂનાગઢમાં નગરશેઠની હવેલી ખાતે રંગોળી પ્રદર્શન ખુલ્લું મકાયું



જૂનાગઢ, તા.૧૧ : જૂનાગઢમાં આવેલ નગરશેઠની હવેલીમાં રંગોળી પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું છે. જૂનાગઢના જાણીતા રંગોળી ચિત્રકાર તેમજ આંતરરાષ્ટ્રીય કલાકાર તેમજ મોહિત વાછાણી, નિખિલ દેવમોરારી, દર્શિકા લખલાણી, ભાગ્યશ્રી રાઠોડ, નિરૂપા સોઢાદર અને મુકુંદ લાઠીગરાજ દ્વારા સુંદર રંગોળીઓ બનાવવામાં આવી છે. આ પ્રદર્શન તારીખ ૧૫-૧૧ સુધી સવારે ૧૦:૦૦ થી સાંજે ૭:૩૦ સુધી ખુલ્લુ રહેશે તો જૂનાગઢની કલા પ્રેમી જનતાને વિનંતી આ પ્રદર્શન નિહાળવા જરૂર પધારશો તેવી લાગણી વ્યકત કરવામાં આવી છે.

# મહિલાલક્ષી જનજાગૃતિ ક્વીઝ સ્પર્ધાના વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા

### પ્રાંત અધિકારી ભૂમિબેન કેશવાલાની ઉપસ્થિતિઃ મહિલાલક્ષી યોજનાઓની જાણકારી અપાઈ



જૂનાગઢ, તા.૧૧

ગુજરાતનાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નવરાત્રી દરમ્યાન કિશોરીઓ અને મહિલાઓમાં જનજાગૃતિ અર્થે તમામ ખાનગી એફ.એમ. અને આકાશવાણી-પ્રસારભારતી ઉપરથી એક ક્વિઝ કોમ્પિટેશન બ્રોડકાસ્ટ કરવામાં આવી હતી. જેમાં મહિલાઓને સ્પર્શતા વિવિધ મુદ્દાઓ અંગે પ્રશ્નોતરી કરવામાં આવી.જેના વિજેતાઓની યાદી અને ગીફ્ટ હેમ્પર રાજ્ય કક્ષાએથી જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીને વિતરણ કરવા માટે મોકલી આપવામાં આવ્યા હતા. આ ગીફ્ટ હેમ્પરનાં વિતરણ માટે "બેટી બચાઓ બેટી પઢાઓ" યોજના અંતર્ગતની જૂનાગઢ તાલુકા ટાસ્ક ફોર્સના અધ્યક્ષ અને પ્રાંત અધિકારી ભૂમિબેન કેશવાલાનાં અધ્યક્ષ સ્થાને તેમજ

**Coffee with SDM**

કાર્યક્રમનું આયોજન જૂનાગઢ પ્રાંત કચેરી ખાતે કરવામાં આવ્યું હતું.જેમાં વિજેતાઓને ગીફ્ટ હેમ્પર આપવાની સાથે સાથે મહિલા કલ્યાણની વિવિધ યોજનાઓથી પણ માહિતગાર કરવામાં આવ્યા હતા.રાજ્ય સરકાર અને વહીવટી તંત્ર દ્વારા મહિલાઓનાં કલ્યાણ અને સુરક્ષા માટે જે પગલાંઓ લેવાઈ રહ્યા છે. તેના વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા. ભૂમિબેન કેશવાલા દ્વારા દીકરી જન્મને આવકારવા અને દીકરીના શિક્ષણથી સમગ્ર સમાજને થતાં લાભો વિશે સમજાવવામાં આવ્યું હતું. તેમજ જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડો.ચંદ્રેશ ભાંભી દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી એમ.જી.વારસૂર અને બી.ડી. ભાડ તથા મહિલા અને બાળ અધિકારીની કચેરીના કર્મચારીઓ તથા ક્વિઝ કોમ્પિટીશનનાં લાભાર્થીઓ હાજર રહ્યા હતા.

## પ્રભાવ ચેરીટેબલ ટ્રસ્ટ તથા રઘુવંશી તરફથી દિવાળીની પૂર્વ સંધ્યાએ જરૂરિયાતમંદ સિનિયર સિટીઝનોને કીટ અર્પણ કરાઈ



જૂનાગઢ, તા.૧૧ : દિવાળીના તહેવારોનો પ્રારંભ થઈ ગયો છે ત્યારે શ્રીમતી ચેતનાબેન મિશ્રાણીના સીધા માર્ગદર્શન નીચે મુખ્ય દાતા પંકજભાઈ પલાણ તથા સખી સહિયર વૃંદ નાબહેનો શ્રીમતી કનકબેન રૂપારેલીયા, શ્રીમતી ઉમાબેન હિંડોચા, શ્રીમતી બીનાબેન પોપટ, શ્રીમતી મીનાબેન પરપડા, શ્રીમતી શીલાબેન બુધદેવ, કંચનબેન લાઠીગરા, શ્રીમતી નીલાબેન વસાણી ,શ્રીમતી જયશ્રીબેન ગોટેચા, શ્રીમતી બીનાબેન મારૂ, શ્રીમતી પ્રફલાબેન ગઢીયા, શ્રીમતી જ્યોતિબેન કાનાબાર , પ્રફુલાબેન ઠકરાર તથા મિલનભાઈ તન્ના, ભાવનાબેન અઢિયા, મિતલબેન ખેતાણી તેમજ રેખાબેન ગોટેચા, દક્ષાબેન રાજપોપટ દરેકના સાથ સહકારથી કીટ વિતરણ કરાયું હતું. અંદાજે ૪૫ થી ૫૦ લાભાર્થીઓએ લાભ લીધેલો જેમાં મમરાની થેલી, મકાઈ પૌવા, ચોખાના પૌવા, મેંદો, ખાંડ , ખીચડી, સાબુ, બિસ્કીટ, ખારી , ફ્રાઈમ્સ, તેલની બોટલ, ચણા, મેંદો, ગુંદીગાંઠીયા, દીપ દાન, લક્ષ્મીજીનાં પગલાં વગેરે વસ્તુઓ આપી આ કાર્યક્રમને ભગવાનના ચરણોમાં સમર્પિત કરેલ છે.

# ઉનાના સુપ્રસિદ્ધ ગોલ્ડ મેડાલિસ્ટ એમ.ડી. આર્યુવેદ વૈદ્ય પાંચાભાઈ દમણિયાને રાષ્ટ્રીય ધન્વંતરિ પુરસ્કાર ૨૦૨૩થી સન્માનિત કરાયા

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૧

ઉનામાં ૩૫થી વધુ વરસથી આર્યુવેદ પધ્ધતિથી સારવાર કરતા વૈદ્ય પાંચાભાઈ અરજણભાઈ દમણિયાને ભારત સરકાર આયુષ મંત્રાલયની રાષ્ટ્રીય આર્યુવેદ વિદ્યાપીઠ દિલ્હી દ્વારા રાષ્ટ્રીય ધનવંતરી પુરસ્કાર ૨૦૨૩ માટે પસંદગી કરવામાં આવી હતી અને પત્ર દ્વારા જાણ કરવામાં આવી હતી અને ધન્વંતરિ જયંતિના દિવસે ભારત દેશના હરિયાણા રાજયના પાંચ કુલ્લામાં આવેલ ઈન્દ્ર ધનુષ ઓડીટરિયમના વિશાળ હોલમાં ૮માં રાષ્ટ્રીય આર્યુવેદ દિવસના દિવસે વૈદ્ય પાચાભાઈ દમણિયાને ટ્રોફી અને સન્માન પત્ર આપી સન્માન કરવામાં આવતા તેમણે સમગ્ર ગુજરાતનું ગૌરવ વધારેલ છે. ઉના તાલુકાના દેલવાડા ગામમાં વરજાંગભાઈ ગોવિંદભાઈ દમણિયાના ઘરે ૧૯૬૬માં જન્મ થયેલ હતો અને આર્યુવેદ તબીબી શાખા બીએએમએસમાં અભ્યાસ પૂર્ણ કરી એમ.ડી.આર્યુવેદાચાર્યામાં ગોલ્ડ મેડલથી પાસ થઈ ઉના શહેરમાં દેલવાડા રોડ ઉપર આવેલ મહોબત બાગ જતા રોડ પાસે આરોગ્ય મંદિરની શરૂ કરેલ દર અઠવાડિયામાં શનિવારથી મંગળવાર સુધી સવારના ૬




વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી દર્દીઓને તપાસી આર્યુવેદ પધ્ધતિથી સારવાર કરે છે અને મંગળ વારે કેન્સરના દર્દીઓની સારવાર કરે છે. બાકીના દિવસોમાં જંગલમાં જઈ દેશી વનસ્પતિ ઔષધિ શોધી અભિમંત્રિત કરી દેશી દવાઓમાં ઉપીયોગ કરે છે અને તેમણે એક નંદિની ગૌ શાળા ચાચકવડ જતા રોડ ઉપર બનાવેલ છે. જેમાં ભગવાન ધનવંતરીનું મંદિર બનાવેલ છે અને ગૌ શાળામાં ૨૫થી ૩૦ દેશી ગીર ગાય રાખવામાં આવી છે તેમના દૂધ, ઘી, ગૌ મુત્ર, ગોબર, માંથી દેશી દવાઓ બનાવે છે. તેમજ આરોગ્ય મંદિરના ઉપરના ભાગે દર રવિવારે સવારે ધનવંતરી યજ્ઞ છેલ્લા ૨૦ વરસથી કરવામાં આવે છે. તેમજ દર મહિનાના પ્રથમ ૩ દિવસ નિઃશુલ્ક યોગ શિબિર પણ યોજે છે. તેમણે ૨૦૨૧માં કોરોના વાઈરસ એ અજગરી ભરડો દેશભર લીધો હતો ત્યારે ઉનામાં તેમણે કોરોના પોઝિટિવ લોકો માટે આર્યુવેદ શિબિર રાખી યજ્ઞ અને આર્યુવેદ પધ્ધતિથી સારવાર કરી કોરોનાથી મુક્ત કરેલ હતા તેમને ત્યાં સમગ્ર ગુજરાત અને દેશ અને વિદેશથી બીમાર લોકો સારવાર માટે આવે છે.

# ખંભાળિયાની સરકારી લાયબ્રેરીમાં રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની થશે ઉજવણી

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૧

પુસ્તકાલયો પ્રત્યે લોકોમાં જાગૃતતા વધારવા માટે વર્ષ ૧૯૬૮ થી દેશભરમાં તારીખ ૧૪ થી ૨૦ નવેમ્બર સુધી રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે ખંભાળિયામાં આવેલા સરકારી જિલ્લા ગ્રંથાલય ખાતે આગામી તા. ૧૪ થી ૨૦ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી અન્વયે પુસ્તકાલયના સભ્યો માટે આગામી તારીખ ૧૮ ના રોજ પુસ્તકાલય ખાતે નિબંધ લેખન, રંગોળી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. દરેક સ્પર્ધામાંથી પ્રથમ અને દ્વિતીય વિજેતાને રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર આપવામાં આવશે. જેમાં ભાગ લેવા ઈચ્છતા લોકો માટે તા ૧૭ સુધીમાં ખંભાળિયામાં કડિયાવાડ વિસ્તારમાં આવેલા કલ્યાણરાયજી મંદિર પાસે સરકારી જિલ્લા ગ્રંથાલય ખાતે નિઃશુલ્ક રજીસ્ટ્રેશન કરાવી લેવા તથા સ્પર્ધાને લગતી અન્ય માહિતી માટે પુસ્તકાલયની રૂબરૂ મુલાકાત લેવા અથવા મોબાઈલ નંબર ૮૪૬૦૧ ૧૧૦૮૭ પર સંપર્ક સાધવા મદદનીશ ગ્રંથપાલની એક યાદીમાં જણાવાયું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

## રાજય સરકારોએ વાયુ પ્રદુષણને દુર કરવા સાથે મળીને કામ કરવુ પડશે

દેશની રાજધાની સાથે ઉત્તર ભારતના એક મોટા ક્ષેત્રમાં ખતરનાક રૂપ લઈ ચૂકેલા વાયુ પ્રદૂષણને પહોંચી વળવા માટે કઈ રીતે અધકચરા અને સીમિત પ્રભાવવાળા ઉપાય કરવામાં આવે છે તેનું ઉદાહરણ છે દિલ્હી સરકાર દ્વારા ૧૩ થી ૨૦ નવેમ્બર સુધી વાહનોને તેમના સમ-વિષમ નંબરના આધારે ચાલવા દેવાનો નિર્ણય કરવો. દિલ્હી સરકારે આ નિર્ણય એટલા માટે લેવો પડ્યો, કારણ કે તેના પહેલાં જે પગલાં ભરવામાં આવ્યાં, તેનાથી પ્રદૂષણમાં કોઈ ઘટાડો ન થયો. તેના અણસાર ઓછા જ છે કે ઓડ-ઈવન વ્યવસ્થાથી કંઈ વિશેષ હાંસલ કરી શકાશે, કારણ કે વાયુ પ્રદૂષણનું એક માત્ર કારણ પેટ્રોલ-ડીઝલ ચાલિત વાહનોથી થનારું ઉત્સર્જન જ નથી. હવાની ગુણવત્તા ખરાબ થવાનાં કારણોમાં પરાળ બાળવું અને સડકો તથા નિર્માણ સ્થળોએ ઉડતી ધૂળ પણ છે. જેવું ખતરનાક વાયુ પ્રદૂષણ દિલ્હીમાં છે, એવું જ તેની સાથે જોડાયેલા ઉત્તર પ્રદેશ અને હરિયાણાના શહેરોમાં પણ. ઓડ-ઈવનની જે વ્યવસ્થા દિલ્હી સરકાર લાગુ કરવા જઈ રહી છે, તેને ઉત્તર પ્રદેશ અને હરિયાણાની સરકારો પણ એનસીઆરના પોતાના શહેરોમાં લાગુ કરશે તેના કોઈ સંકેત નથી. એવામાં દિલ્હીને વાયુ પ્રદૂષણથી કદાચ જ છૂટકારો મળી શકે. અને જો તેને થોડી-ઘણી રાહત મળે પણ છે તો તેની આસપાસના શહેરોમાં કોઈ ફરક નથી પડવાનો.

વિષાક્ત હવાથી માત્ર દિલ્હી-એનસીઆર જ નથી ઝઝૂમતું. વાયુ પ્રદૂષણે ઉત્તર ભારતના એક મોટા હિસ્સાને પોતાની ઝપટમાં લઈ લીધો છે. આ વખતે તો મુંબઈ પણ વાયુ પ્રદૂષણથી ઝઝૂમી રહ્યું છે. એક સમયે જે વાયુ પ્રદૂષણ દિલ્હી-એનસીઆર સુધી જ સીમિત રહેતું હતું, તે હવે દેશના એક મોટા હિસ્સાની સમસ્યા બની ગયું છે. તેનું મુખ્ય કારણ વાયુ પ્રદૂષણના સામનાના નામે કાગળિયે કરાતા દાવા છે. આ જ કારણે આ વખતે પણ પાકના અવશેષો બાળવામાં આવી રહ્યા છે.

રાજ્ય સરકારો વાયુ પ્રદૂષણને દૂર કરવાના નામે માત્ર કોરા વાયદા કરીને લોકોના સ્વાસ્થ્ય સાથે જાણીજોઈને રમત જ નથી કરી રહી, બલ્કે દેશની બદનામી પણ કરી રહી છે. સમય સાથે વાયુ પ્રદૂષણ ન માત્ર ગંભીર રૂપ લેતું જાય છે, બલ્કે તેનો દાયરો પણ વધી રહ્યો છે. તેમ છતાં પણ કેન્દ્ર અને રાજ્ય સરકારો ત્યારે જ ચેતે છે, જ્યારે શિયાળાના આગમનની સાથે જ વાયુમંડળમાં ઝેર ઘોળાવા લાગે છે. તેઓ એ બુનિયાદી વાત સમજવા તૈયાર નથી કે પ્રદૂષણ માથું ઊંચકી લીધા બાદ સક્રિયતા દેખાડવાથી કશું જ નથી થવાનું. વાયુ પ્રદૂષણથી ત્યારે છૂટકારો મળશે, જ્યારે વર્ષભર તેના કારણોનું નિવારણ કરવા માટે સક્રિયતા દેખાડવાની સાથે જનતાને પણ જાગૃત કરવામાં આવશે. દિલ્હી જ દેશ નથી, તેથી ઉત્તર-મધ્ય ભારતની પણ તમામ રાજ્ય સરકારોએ વાયુ પ્રદૂષણને દૂર કરવા માટે સાથે મળીને કામ કરવું પડશે. નિઃસંદેહ આ કામ ત્યારે જ સંભવ થઈ શકશે, જ્યારે કેન્દ્ર સરકાર રાજ્યોમાં સમન્વય સ્થાપવા માટે આગળ આવશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

રત્નકણીકા

ધીરજવાન એટલે જ્યાં સુધી ધ્યેયની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી થાક્યા વિના ક્રિયાશીલ રહેનાર મનુષ્ય...

- નીતિ શતક

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ખોરદાદ-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, આસો વદ-૧૩ કાળીચૌદશ, શિવરાત્રી તા.૧૧ નવેમ્બર ૨૦૨૩, શનિવાર, પારસી તા.૨૮, મુસ્લિમ તા.૨૬, ચિત્રા નક્ષત્ર, પ્રીતિ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૦૨, સૂ.અ.૬:૦૭

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ), બપોરે ૧:૦૧ ક. પછી જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ઉત્સાહભર્યું વાતાવરણ સર્જાય. યશમાં વધારો થાય.

વૃષભ:મનની મુરાદ મનમાં રહે. ગૃહવિવાદ ટાળવો.

મિથુન:ભૌતિક મનોકામના પૂર્ણ થાય. વાણી સંઘર્ષ થાય.

કર્ક: મોશાળપક્ષ તરફથી લાભ મળે. નાણાંકીય સમસ્યાઓ દૂર થાય.

સિંહ: હિતશત્રુઓથી સાવધ રહેવું. કૌટુંબિક સમસ્યાનો સામનો કરવો પડે.

કન્યા: મહત્વના કાર્ય અટકી પડે. મનમાં ઉદ્વેગ રહે.

તુલા: જૂની ઓળખાણથી લાભ મળી જાય. આર્થિક બાબતે શ્રેષ્ઠ દિવસ.

વૃશ્ચિક:આર્થિક લાભ મેળવી શકશો. શુભ સમાચાર મળે.

ધન: અણધાર્યો બનાવ બને. ચિંતા ભર્યો દિવસ વિતે.

મકર: પ્રવાસથી લાભ મળે. અટકેલા કાર્યો પૂર્ણ થાય.

કુંભ: વડીલોથી લાગણી રહે. વાહન-મિલ્કતથી લાભ થાય.

મીન: આનંદમય દિવસ પસાર થાય. આવક-જાવક સરભર રહે.

# કોંગ્રેસ ધારાસભ્ય પર હિન્દુ સમુદાય વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરવાનો આરોપ લાગ્યો

## આસામમાં કોંગ્રેસ પાર્ટીના ધારાસભ્ય આફતાબ ઉદ્દીન મોલ્લાની પોલીસે ધરપકડ કરી , હિન્દુ સમુદાય વિરુદ્ધ ધારાસભ્યની ટિપ્પણી : હિંદુઓના ગુનાની સજા મુસ્લિમોને મળી'



(જી.એન.એસ)

આસામ,તા.૧૧

આસામમાં કોંગ્રેસના ધારાસભ્ય આફતાબ ઉદ્દીન મોલ્લાની પોલીસે ધરપકડ કરી છે. તેમના પર હિન્દુ સમુદાય વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરવાનો આરોપ છે. આફતાબ ઉદ્દીને એક જાહેર સભા દરમિયાન કહ્યું હતું કે હિંદુઓ એવા ગુના કરે છે જેની સજા મુસ્લિમોને મળે છે. તેમણે કહ્યું કે હિંદુઓ દ્વારા કરવામાં આવતા ગુનાઓ માટે મુસલમાનોને દોષી ઠેરવવામાં આવે છે.. ૪ નવેમ્બરે ગોલપારામાં એક મીટિંગ દરમિયાન આફતાબે કહ્યું હતું કે જ્યાં હિન્દુઓ છે ત્યાં ગેરરીતિ થાય છે, આ સાથે તેણે મંદિરના પૂજારીઓ અને સંતો વિશે પણ વાંધાજનક ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે મંદિરના પૂજારી અને નામઘરના રખેવાળ બળાત્કારી છે. તેમના નિવેદનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ પછી લોકોમાં તેની સામે ગુસ્સો વધ્યો અને લોકોએ પોલીસમાં તેની ફરિયાદ કરી.. આ મામલાની ફરિયાદ મળ્યા બાદ પોલીસે કોઈપણ વિલંબ કર્યા વગર આફતાબની ધરપકડ કરી હતી. તેમની ધરપકડ ગુવાહાટીમાં ધારાસભ્ય વાજિદ અલી ચૌધરીના ઘરેથી થઈ હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આફતાબ વિરુદ્ધ દિસપુર પોલીસ સ્ટેશનમાં કલમ **295(a), 153A(1)(b)/505(2)IPC** હેઠળ **FIR** નોંધવામાં આવી હતી. હાલ પોલીસનું કહેવું છે કે આ મામલે તપાસ કરવામાં આવી રહી છે, તપાસ બાદ જ આગળની કાર્યવાહી કરવામાં આવશે.. કોંગ્રેસના ધારાસભ્ય આફતાબ ઉદ્દીન મોલ્લાની ધરપકડ પર આસામના સીએમ હિમંતા બિસ્વા સરમાએ કહ્યું કે આફતાબ ઉદ્દીન મોલ્લાએ કહ્યું હતું કે જ્યારે પણ બળાત્કાર કે કોઈ ગુનો થાય છે ત્યારે પૂજારીઓ અને નામ ઘરિયાઓનું નામ સામે આવે છે. આફતાબનું આ નિવેદન સંપૂર્ણપણે ખોટું છે. આ નિવેદન બદલ આફતાબની ધરપકડ કરવામાં આવી છે. તેને કોર્ટમાં રજૂ કર્યા બાદ તેને પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે તેઓ આ મામલાને તેના તાર્કિક નિષ્કર્ષ પર લઈ જશે.. આ સાથે આસામ કોંગ્રેસના અધ્યક્ષ ભૂપેન બોરાએ પણ આ મામલે આફતાબને કારણ બતાવો નોટિસ મોકલી છે. એમ પણ કહેવામાં આવ્યું છે કે જો ધારાસભ્ય આફતાબ જવાબ નહીં આપે તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

આ સાથે ભૂપેન બોરાએ કહ્યું કે કોંગ્રેસ પાર્ટી આવા નિવેદનોનું સમર્થન કરતી નથી. આવી સ્થિતિમાં આફતાબે માફી માંગવી જોઈએ.. આફતાબ ઉદ્દીન મોલ્લા આસામની જલેશ્વર વિધાનસભા બેઠકના ધારાસભ્ય છે.

વર્ષ ૨૦૨૧ માં, તેમણે **AIUDF** ઉમેદવાર ડૉ. રેઝા એ અમીનને લગભગ ૨૧,૯૮૦ મતોથી હરાવ્યા. ૨૦૦૧ થી ૨૦૦૬ સુધી, તેમણે જલેશ્વર વિધાનસભા ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કર્યું. જો કે, ૨૦૧૬ની ચૂંટણીમાં આફતાબ એઆઈયુડીએફના ઉમેદવાર સાહેબ ઉદ્દીન અહેમદ સામે હારી ગયા હતા. જલેશ્વર વિધાનસભા ક્ષેત્રમાં મુસ્લિમ વસ્તીની વાત કરીએ તો અહીં ૮૬ ટકા મુસ્લિમો છે.

# ચીન વેપાર દ્વારા પાકિસ્તાનને મોટો નફો લઈ લૂંટી રહ્યું છે

## ચીન સાથે દેશનો વેપાર મામલે અખબાર ડૉને સવાલો ઉઠાવ્યા, પાકિસ્તાનના મીડિયાનો ગંભીર આક્ષેપ



ઈસ્લામાબાદ, તા.૧૧

પાકિસ્તાને ચીન સાથે મિત્રતા કરવી ભારે પડી હોય તેવો પાક મીડિયા આક્ષેપ કરી રહ્યું છે. ચીન સાથે દેશનો વેપાર મામલે પાકિસ્તાની અખબાર ડૉને સવાલો ઉઠાવ્યા છે અને કહ્યું કે, આ મિત્રતા માત્ર આપણા નુકસાન પુરતી જ રહી છે. ઈકોનોમીના જાણકાર પત્રકાર ખુર્રં હુસેને એક લેખમાં 'ચીન સાથે પાકિસ્તાનનો વેપાર' પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે અને તેના કારણે જ પાકિસ્તાની દુર્દશા થઈ હોવાનો આક્ષેપ કર્યો છે. હુસેનના લેખમાં જણાવ્યું મુજબ, ચીન માટે પાકિસ્તાન વિશેષ નથી, ડ્રેગન જેમ અન્ય દેશો સાથે વેપારમાં નફો રડે છે, તેમ પાકિસ્તાન પાસેથી પણ લઈ રહ્યો છે. આપણો ચીન સાથે લગભગ ૯૦ અબજ ડૉલર વેપાર થયો છે. એનો અર્થ એ કે, માલ અને સેવાઓના બદલે પાકિસ્તાનમાંથી ૯૦ અબજ ડૉલરની મોટી મૂડી ચીન જતી રહી. ત્યારબાદ આપણે ગલ્ફ દેશો પાસેથી ખરીદેલા ક્રુડમાં મોટી મૂડી જતી રહી. હુસૈને કહ્યું કે, ચીન કરતાં અમેરિકા, યૂરોપ જેવા દેશોમાંથી વેપાર કરવો આપણા માટે વધુ સારું છે. તેમણે લખ્યું કે, આપણો અમેરિકા સાથે વેપાર ૩૪ બિલિયન ડૉલર અને બ્રિટન સાથે ૧૨ અબજ ડૉલર સરપ્લસ છે. આનો અર્થ એ કે, આપણે અમેરિકા-બ્રિટન પાસેથી જે કમાણી કરી, તે ચીન સાથેના વેપારમાં ખર્ચ કરી દઈએ છીએ. મહત્વની વાત એ છે કે, આ એ જ ચીન છે, જે પાકિસ્તાને હંમેશા પોતાનો સદાબહાર મિત્ર કહી રહ્યો છે. ખુર્રમે વધુમાં લખ્યું છે કે, માત્ર પાકિસ્તાન સિવાય ચીનનો અન્ય દેશો સાથેનો વેપાર સરપ્લસમાં છે, જોકે હવે તેઓ આ બાબતને સમજી ગયા છે અને યોગ્ય નિર્ણયો લઈ રહ્યા છે. તેમણે ભારતનો ઉલ્લેખ કરતા લખ્યું કે, ચીનનો ભારત સાથેનો વેપાર પણ સરપ્લસમાં છે, જોકે ભારત પોતાની વેપાર નીતિ બદલી રહ્યું છે. તેમણે લખ્યું કે, આપણે ચીન સાથે ભાવનાઓના આધારે સંબંધો ન રાખવા જોઈએ, પરંતુ હકીકત અને જરૂરીયાત મુજબ વાત કરવી પડશે. હુસૈને લખ્યું કે, પાકિસ્તાને ચીનથી સાવચેત રહેવું જોઈએ, જોકે આપણો દેશ હજુ પણ ચીન પાસેથી લોન લઈ રહ્યું છે, જેના કારણે સંકટ વધુ ઘેરુ બની રહ્યું છે. ચીન એવી પણ સલાહ આપે છે કે, પાકિસ્તાને ચીન સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ પર ફરી વિચાર કરવો જોઈએ, જોકે આનાથી ચીનને જ ફાયદો થશે, જ્યારે આપણા નાણાં તો જતા જ જઈ રહ્યા છે.

# ઈઝરાયેલે હમાસની ૧૩૦ સુરંગ નષ્ટ કરી : ખૂંખાર લીડર ઘેરાયો



જેરૂસલેમ, તા.૧૧

ગાઝામાં ઈઝરાયલી સૈન્ય છેલ્લાં ૩૧ દિવસથી કેર વર્તાવી રહી છે. એક તરફ સામાન્ય નાગરિકોને ઉત્તરથી દક્ષિણ ગાઝા તરફ ખસી જવા કહેવાયું છે તો બીજી બાજુ ઈઝરાયલી ડિફેન્સ ફોર્સના જવાનો હમાસના ઠેકાણાઓને ઉડાવી રહ્યા છે. સૌથી મોટી વાત હમાસની લાઈફલાઈન કહેવાતા તેના ટનલ નેટવર્ક પર જોરદાર બોમ્બમારો કરવામાં આવી રહ્યો છે. આ દરમિયાન ઈઝરાયલી સૈન્યએ (આઈડીએફ) દાવો કર્યો છે કે તેણે માત્ર ૨૪ કલાકમાં ગાઝાની જમીન નીચે બનેલી ૧૩૦ જેટલી ટનલોને નષ્ટ કરીદીધી છે. આ ટનલની મદદથી હમાસ તેની આતંકી પ્રવૃત્તિઓ ચલાવી રહ્યું હતું. આટલું જ નહીં ઈઝરાયલના સંરક્ષણ મંત્રીએ દાવો કર્યો હતો કે હમાસના નેતા યાહ્યા સિનવારને તેના જ બંકરમાં ઘેરી લેવાયો હતો. ઈઝરાયલી સૈન્યએ ૭ ઓક્ટોબરના હુમલાના માસ્ટરમાઈન્ડ યાહ્યા સિનવારને તેના જ બંકરમાં એકલો પાડી દીધાનો દાવો કર્યો છે. તેને સંપર્કવિહોણો કરી દેવાયો છે. હમાસના મોટા નેતાઓ પૈકી તે એક જ એવો છે જે હાલમાં ગાઝામાં હાજર છે.

## CMએ જાતે પીરસ્યું ભોજન

# રાજ્યમાં શ્રમિક અન્નપૂર્ણા યોજનાના ૧૫૫ નવા કેન્દ્રોનો શુભારંભ થયો

## ગુજરાતમાં ૩ લાખ ફેરિયાઓને આવી સહાય પી.એમ. સ્વનિધિ અન્વયે અપાઇ છે

અમદાવાદ, તા.૧૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે શ્રમિક અન્નપૂર્ણા યોજનાના ૧૫૫ નવા કેન્દ્રોનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે કહ્યું કે, ગરીબ, વંચિત અને સમાજના નાનામાં નાના માનવીને આરોગ્ય, આવાસ, આવક અને અભ્યાસ માટેની અનેક સફળ યોજનાઓ સરકાર દ્વારા આપવામાં આવી છે. મુખ્યમંત્રીએ રાજ્યના બાંધકામ શ્રમિકોને પાંચ રૂપિયાના નજીવા દરે ભરપેટ ભોજન પૂરું પાડતી શ્રમિક અન્નપૂર્ણા યોજનાના ૧૫૫ નવા કેન્દ્રોનો રાજ્ય વ્યાપી પ્રારંભ કરાવતા સંબોધન કર્યું હતું. ઊદ્યોગ તથા શ્રમ-રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપુત આ પ્રસંગે હાજર રહ્યા હતા. રાજ્યના વિવિધ જિલ્લા મથકોએ મંત્રીમંડળના મંત્રીઓ, પદાધિકારીઓએ શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રોનો શુભારંભ કરાવ્યો હતો. ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, કોરોના કાળમાં કોઈ ગરીબને ભૂખ્યા ન સૂવું પડે તેની ચિંતા કરીને સૌને અન્ન પહોંચાડ્યું હતું. આરોગ્ય સેવાઓ પણ આપી હતી અને કોરોના પછી નાના વેપારીઓ, ધંધો-વ્યવસાય કરનારાઓને લોન સહાય આપી આર્થિક આધાર પણ પૂરો પાડ્યો છે. ગુજરાતમાં ૩ લાખ ફેરિયાઓને આવી સહાય પી.એમ. સ્વનિધિ અન્વયે અપાઇ છે. ગરીબોને આવાસ અને તેમના સંતાનોને અભ્યાસની તક મળે તેની પણ ચિંતા કરીને સરકારે ગરીબો, વંચિતોના કલ્યાણ માટે સર્વ સમાવેશી, સર્વવ્યાપી વિકાસનો ધ્યેય રાખ્યો છે. બાંધકામ શ્રમિકોની આરોગ્ય સુખાકારી માટે રાજ્ય સરકાર દ્વારા બાંધકામ સાઈટ પર જ ધનવંતરી રથની સુવિધા પૂરી પાડવામાં આવે છે તેની પણ સરાહના કરી હતી. તેમણે 'હર હાથ કો કામ અને ભૂખ્યાને ભોજન' નો મંત્ર પાર પાડી કલ્યાણ રાજ્ય-રામરાજ્ય બનાવવાની નેમ દર્શાવી હતી. બાંધકામ શ્રમિકોને શ્રમિક અન્નપૂર્ણા યોજના અન્વયે અપાતા ભોજનની ગુણવત્તા અને નિયમિતતા જળવાઈ રહે તે માટે પણ મુખ્યમંત્રીએ અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, વડાપ્રધાનના પોષણ અભિયાનને અનુલક્ષીને મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્યમાં પણ શ્રમિકોને પૂરતું પોષણ મળી રહે અને તેમનું સારું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે શ્રમિક અન્નપુર્ણા યોજના શરુ કરવામાં આવી છે.ગુજરાત રાજ્યના ૧૦ જિલ્લાઓમાં ૧૧૮ કડિયાનાકા પર શ્રમિક ભોજન વિતરણ કેન્દ્રો કાર્યરત હતા, તેને મળેલા શ્રમિકોના ખૂબ જ બહોળા પ્રતિસાદ અને શ્રમિકોની અનુકૂળતાને ધ્યાનમાં રાખીને શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો વ્યાપ વધારીને નવા શરૂ કરવામાં આવનારા ૧૫૫ કેન્દ્રો સહિત ૧૭ જીલ્લામાં કુલ ૨૭૩ કડિયાનાકા પરથી ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ હેઠળ નોંધણી કરાવેલ હોય તેવા બાંધકામ શ્રમિકોને પોતાના પૂરા પરિવાર માટે એક ટંકનું ભોજન મળશે. રાજ્યભરમાં આશરે ૭૫,૦૦૦ જેટલાં શ્રમિકો લાભાન્વિત થશે. મુખ્યમંત્રીએ પોતે વૈષ્ણોદેવી ખાતે નવા શરૂ થયેલ ભોજન કેન્દ્રની મુલાકાત લઈને શ્રમિકો સાથે બેસીને ભોજન કર્યું હતું તેની વિગતો તેમણે આપી હતી.મંત્રીએ જણાવ્યું કે, કોરોનાના કપરાં સમયે સરકારે કુલ રૂપિયા ૧૫૦૦ કરોડ ફાળવીને ત્રણ લાખથી વધુ શ્રમિકોના રહેવાની વ્યવસ્થા રાજ્ય સરકારે કરી હતી. ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા શ્રમિકોના કલ્યાણ માટે કુલ ૨૦ જેટલી યોજનાઓ અમલમાં છે. કુલ બે કરોડ જેટલા શ્રમિકોને રાજ્ય સરકારે વેતનમાં ૨૫% નો વધારો આપ્યો છે. વડાપ્રધાનના માર્ગદર્શનમાં ઉદ્યોગોને કૌશલ્ય યુક્ત શ્રમબળ પૂરું પાડવાના ધ્યેય સાથે 'કૌશલ્યા - ધ સ્કીલ યુનિવર્સિટી'ની સ્થાપના પણ કરવામાં આવી છે એમ તેમણે ઉમેર્યું હતું. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. અંજુ શર્માએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર બાંધકામ શ્રમિક ભાઈ-બહેનોના કલ્યાણ માટે સરકારે સતત ચિંતા કરી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂત સહિત મહાનુભાવોના હસ્તે શ્રમિક પરિવારોને ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા ચલાવવામાં આવતી વિવિધ કલ્યાણકારી યોજનાઓની સહાયના ચેક વિતરણ કરવામાં આવ્યા હતા. શ્રમિકોને પ્રતિક સ્વરૂપે ટિફિન અને બેગનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

# GPSCની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર અંગે પરિપત્ર જાહેર કરાયો

ગાંધીનગર, તા.૧૧

**GPSC**ની પરીક્ષા પદ્ધતિને લઈ સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, **GPSC**ની પરીક્ષા પદ્ધતિ મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. **GPSC**ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર અંગે પરિપત્ર જાહેર કરાયો છે. જે મુજબ હવે ૨ તબક્કામાં મંડળ દ્વારા પરીક્ષા લેવાશે. બન્ને કસોટીના ગુણના આધારે મેરીટ બનશે. આ સાથે કુલ જગ્યાના ૨ ગણા ઉમેદવારો ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે લાયક ગણાશે. ગૌણ સેવા પસંદગી મંડળની તાંત્રિક, બિન તાંત્રિક પરીક્ષાની પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર અંગેના પરિપત્ર મુજબ હવે ૨ તબક્કામાં મંડળ દ્વારા પરીક્ષા લેવાશે. જેમાં પ્રથમ તબક્કામાં તાર્કિક ૩૦, ગાણીતિક ૩૦ માર્કની પરીક્ષા લેવાશે તો બીજા તબક્કામાં બંધારણ, વર્તમાન પ્રવાહો, ભાષાના ૩૦ માર્કની પરીક્ષા લેવામાં આવશે. વિગતો મુજબ સંબંધિત વિભાગો અને ઉપયોગીતાના ૧૨૦ માર્કનું કુલ ૧૫૦ માર્કનું પેપર રહેશે. આ સાથે બન્ને કસોટીના ગુણના આધારે મેરીટ બનશે. પરિપત્ર મુજબ ખોટા જવાબના નેગેટિવ માર્કિંગ પણ રહેશે.

## ગુજરાતમાં પોલીસ ભરતીની શારીરિક-લેખિત કસોટીના નિયમોમાં ફેરફાર થશે

ગાંધીનગર, તા.૧૧ : પોલીસની ભરતીના નિયમોમાં સંભવિત રીતે ધરખમ ફેરફાર થવા જઈ રહ્યા છે. જોકે હાલ માહિતી મુજબ **CM**ની અધ્યક્ષતામાં આ નિયમોને આખરી ઓપ અપાઈ રહ્યો છે. પોલીસની ભરતીના ઈચ્છુક ઉમેદવારો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. વિગતો મુજબ પોલીસની ભરતીના નિયમોમાં ધરખમ ફેરફાર થઈ શકે છે. માહિતી પ્રમાણે લાંબા સમયથી નવા નિયમ બનાવવા અંગે મથામણ ચાલી રહી છે.

# ભિક્ષુકની હત્યા કરી પોતાનું મોત થયાનું ખપાવી રૂા.૮૦ લાખનો વીમો પકવ્યો : ૧૭ વર્ષથી અમદાવાદમાં રહેતા શખ્સની ધરપકડ

## ૧૭ વર્ષથી અમદાવાદમાં નકલી ઓળખ ઊભી કરી રહેતો ભેજાબાજ આખરે કાયદાની ચુંગાલમાં સપડાયો, નકલી ડોક્યુમેન્ટ પણ બનાવ્યા હતા : ગુનાની મોડસ ઓપરેન્ડી ફિલ્મની વાર્તાને પણ ટક્કર મારે તેવી

અમદાવાદ,તા.૧૧

ગુનાખોરીનું પ્રમાણ તો વધ્યું છે, પણ આ સાથે ગુનાની કેટલીક એવી ઘટનાઓ સામે આવે છે જેની મોડસ ઓપરેન્ડી સાંભળી સામાન્ય પ્રજા તો ઠીક પોલીસ પણ ચોંકી જતી હોય છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ફિલ્મની સ્ટોરીને ટક્કર મારે તેવી હત્યાની ઘટનાનો સનસનાટીપૂર્ણ ખુલાસો થયો છે. હત્યાની આ ઘટના કોઈ ક્રાઈમ થ્રીલરથી ઓછી નથી. હત્યારા એ એવું તરકટ રચ્યું કે, ભલભલા ગોથું ખાઈ ગયા. ભીખારીની હત્યા કરી હત્યારાએ પોતાની હત્યા થયાનું ચિત્ર ઉભું કર્યુ હતું. ત્યારબાદ રૂપિયા ૮૦ લાખની વીમા પોલિસી લઈ લીધી. વીમાના રૂપિયા પકાવવા હત્યારાએ એક નિર્દોષ ભિક્ષુકની હત્યા કરી નાંખી હતી. ત્યારબાદ અમદાવાદમાં નામ બદલી રહેવા લાગ્યો હતો. શહેરમાં વેશ બદલી ૧૭ વર્ષથી રહેતા આ ભેજાબાજના ગુનાનો અંતે પર્દાફાશ થયો હતો અને તે કાયદાની ચુંગાલમાં આવી ગયો છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આ કેસમાં ખુલાસો કરતા જણાવ્યું છે કે, ઈન્શ્યોરન્સના રૂપિયા મળે તે માટે હત્યાનું કાવતરૂ ઘડ્યું હતુ. જેમાં ભિક્ષુકને જમવા બોલાવી ઘેનની ગોળી ખવડાવી હતી. બાદમાં ભીક્ષુકને કારમાં બેસાડી અકસ્માત સર્જી હત્યા કરી હતી. આરોપીએ ભીખારીની હત્યા કરી પોતાને મૃત જાહેર કર્યો હતો. તથા આરોપીના પરિવારે ડેથ સર્ટીફિકેટ બનાવી પોલિસી લીધી હતી. અનિલના પિતાએ વીમાના રૂપિયા ૮૦ લાખ મેળવી લીધા હતા. વર્ષ ૨૦૦૬માં હત્યા બાદ આરોપી અમદાવાદ આવી ગયો હતો. તથા અમદાવાદમાં અનિલે પાડોશી મહિલા સાથે લગ્ન કર્યા હતા. જેમાં આરોપી અનિલને બે બાળકો પણ છે. તેમજ રાજકુમાર ચૌધરીના નામે લાઈસન્સ બનાવી ડોક્યુમેન્ટ તૈયાર કર્યા હતા. આગ્રા પોલીસે હત્યાનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. આરોપીના પરિવારે ડેથ સર્ટીફિકેટ બનાવી પોલિસી લીધી હતી. જેમાં ભીખારીની હત્યા કરી મૃતદેહ સળગાવી દીધો હતો. વર્ષ ૨૦૦૬માં હત્યા બાદ આરોપી અમદાવાદ આવી ગયો હતો. તેમાં નકલી દસ્તાવેજ બનાવી આરોપી રહેતો હતો, એમ ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં ખુલાસો થયો છે.

૨૦૦૬માં ઉત્તર પ્રદેશમાં ભીખારીની હત્યા કરીને લાશને કારમાં સળગાવી દીધેલ હતી. જેમાં આરોપી અનિલ સિંહ ઉર્ફે રાજકુમાર પોતે મૃત્યુ પામ્યો હોવાનુ કહી રૂપિયા લઈ લીધા હતા. વધુમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોધી તપાસ કરતા ૧૭ વર્ષ પહેલા આગ્રામાં થયેલી હત્યાનો ભેદ ઉકેલાયો છે. જોકે આગ્રા પોલીસ તે બનાવને માત્ર એક અકસ્માત સમજી તપાસ કરતી હતી. પરંતુ ક્રાઈમ બ્રાન્ચે તે હત્યાના ખતરનાક ગુનાનો ભેદ ઉકેલ્યો અને ૮૦ લાખનો વીમો પકવવા માટે એક ભિક્ષુકની હત્યા કરાઈ હોવાનો ખુલાસો કર્યો અને આરોપીની ધરપકડ કરી છે. ઝડપાયેલ આરોપી અનિલસિંઘ ઉર્ફે રાજકુમારની બોગસ દસ્તાવેજોના ગુનામાં ધરપકડ કરી પૂછપરછ કરતા હકીકત સામે આવી કે અનિલસિંઘ તેના પિતા વિજયપાલસિંઘ તેનો ભાઈ અને તેના મિત્રએ મળી વર્ષ ૨૦૦૪માં હત્યાનું કાવતરૂં રચ્યું હતું. જે કાવતરાના ભાગરૂપે ૨૦૦૪માં અનિલના નામે વીમાની જીવન મિત્ર નામની ૨૦ લાખની પોલિસી લેવામાં આવી હતી, જે પોલીસીમાં જો પોલિસી ધારકનું અકસ્માતે મૃત્યુ થાય તો ચાર ગણા એટલે કે, ૮૦ લાખ રૂપિયા મળવાના હતા. જેથી વર્ષ ૨૦૦૬ના જાન્યુઆરી મહિનામાં અનિલના પિતા વિજય પાલે અનિલના નામે એક ગાડી લીધી અને તેનો પણ વીમો ઉતરાવ્યો હતો. બાદમાં ૩૧ જુલાઈ ૨૦૦૬ના રોજ અનિલે ઘનકોરથી ગાઝિયાબાદ જતી ટ્રેનમાં ભિક્ષુકવૃત્તિ કરતા યુવકને જમાડવાના બહાને પોતાની સાથે લઈ ગયો, અને બેભાન કરી પોતાની ગાડીનો અકસ્માત સર્જી તેને આગ લગાવી દીધી હતી. જો કે તે ગાડીમાં મૃતક અનિલ નહીં પરંતુ ભિક્ષુક હતો, તે વાત જાણતા હોવા છતાં અનિલના પરિવારે મૃતદેહ સ્વીકાર્યો હતો અને તેના અંતિમ સંસ્કાર પણ કર્યા હતા. પરિવાર તથા સમાજ માટે અનિલને મૃત જાહેર કરી તેને ૮૦ લાખ રૂપિયાની પોલીસી પણ પકવી લીધી હતી. હત્યારાની ક્રાઈમ બ્રાન્ચને માહિતી મળી અને તપાસ કરતા આગ્રામાં થયેલા ભિક્ષુકની હત્યાનો ભેદ ઉકેલાયો છે. હવે આ બનાવટી દસ્તાવેજો ક્યાં બનાવ્યા કોની પાસે બનાવ્યા તેની તપાસ કરી રહી છે. સાથે જ ૩૧ જુલાઈ ૨૦૦૬માં થયેલી હત્યાની માહિતી આગ્રા પોલીસને આપતા પોલીસે અકસ્માતના ગુનામાં હત્યાની કલમો ઉમેરી અનિલસિંઘ તેના પિતા વિજયપાલસિંઘ સહિત ગુનામાં સંડોવાયેલા અન્ય આરોપીઓની શોધખોળ અને ધરપકડની કાર્યવાહી શરૂ કરી છે. ખાસ વાત તો એ છે કે, આરોપી અનિલ ઉર્ફે રાજકુમાર એટલો ચાલાક હતો કે, હત્યાને અંજામ આપી ગણતરીના કલાકોમાં અમદાવાદ આવી ગયો અને અને છેલ્લા ૧૭ વર્ષથી તેની પત્ની અને બાળકોથી પણ આ વાત છુપાવી હતી. સાથે જ જો તેના પરિવારના કોઈ વ્યક્તિને મળવું હોય તો દિલ્હી અથવા સુરત મળવા આવી જતો હતો.

# ‘તમે નિયંત્રણમાં રહો, નહીં તો પોલીસ તમારી વિરૂદ્ધ આકરી કાર્યવાહી કરશે જ’ : માલધારી સમુદાયને હાઈકોર્ટની ચેતવણી

### રખડતા ઢોર પકડતી વખતે સરકારી કર્મચારીઓ ઉપર થતા હુમલા મામલે હાઈકોર્ટનું કડક વલણ



અમદાવાદ, તા.૧૧

અમદાવાદ સહિત રાજયભરમાં રખડતા ઢોરોનો ત્રાસ અને માલધારીઓ દ્વારા કરવામાં આવેલી અદાલતના તિરસ્કારની અરજીમાં ગુજરાત હાઈકોર્ટે આજે માલધારી સમુદાયને ચેતવણી આપી હતી કે તમે નિયંત્રણમાં રહો નહી તો પોલીસ તમારી વિરૂદ્ધ આકરી કાર્યવાહી કરશે. બીજી બાજુ હાઈકોર્ટે ડીવાયએમસી સહિતના અધિકારીઓ ઉપર હુમલા મામલે શહેર પોલીસ કમિશ્નરને જાતે સોગંદનામું રજૂ કરવા આદેશ કર્યો હતો. જસ્ટિસ આશુતોષ જ.શાસ્ત્રી અને જસ્ટિસ હેમંત એમ.પ્રચ્છકની ખંડપીઠે સ્પષ્ટ વાત કરી હતી કે અધિકારીઓ ઉપર હુમલા થાય તો તે સમાજ માટે ખોટો સંદેશ જાય છે. જો અધિકારીઓને જ [illegible] મારવામાં આવે તો લોકો પોતે સુરક્ષિત નથી તેવી ભાવના પેદા થાય. અધિકારીઓની મારવાની ઘટના બની છે એટલું જ નહિ પરંતુ પ્રાણીઓની કેમ એમને ફટકારવામાં આવ્યા છે. પોલીસની હાજરીમાં આ પ્રકારના આવા હુમલાઓ બહુ ગંભીર કહેવાય. આ બધી બાબતો સહન કરવામાં આવશે નહીં. આ સાથે હાઈકોર્ટે પોલીસ તંત્રને આવા તત્વો સામે કાયદા અનુસાર કડકમાં કડક પગલાં લેવા માટે આદેશ કર્યો હતો. પોલીસ કમિશ્નર દ્વારા કરવામાં આવનાર એફિડેવિટ બાબતે આગામી દિવસોમાં સુનાવણી રાખવામાં આવી છે જ્યારે આ બાબતે વધુ સુનાવણી દિવાળી વેકેશન બાદ કરવામાં આવશે. હાઈકોર્ટે સરકાર પાસેથી એવી પણ બાંહેધરી માંગી હતી કે તમે ખાતરી આપો છો ને કે તમે આ જ સ્પીરીટ અને અસરકારકતા સાથે રખડતા ઢોર પકડવાની અમદાવાદ શહેર સહિત રાજયભરમાં રખડતા ઢોરોના ત્રાસ, બિસ્માર રસ્તાઓ, ટ્રાફિકની સમસ્યા, ગેરકાયદે પાર્કિંગ સહિતના મુદ્દે કામગીરી કરશો. ત્યારબાદ સરકારે આ જ પ્રકારે કામગીરી કરવાની ખાતરી આપી હતી. અમદાવાદ શહેર સહિત રાજયભરમાં રખડતા ઢોરોના ત્રાસ, બિસ્માર રસ્તાઓ, ટ્રાફિકની સમસ્યા, ગેરકાયદે પાર્કિંગ સહિતના મુદ્દે કરાયેલી અદાલતના તિરસ્કારની અરજીની સુનાવણી થઈ હતી તે દરમ્યાન એવો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો કે સરકારી તંત્ર દ્વારા કડક હાથે કામગીરી કરવી જોઈએ. સુનાવણી દરમ્યાન હાઈકોર્ટે ટકોર કરી હતી કે રખડતા ઢોરોની સમસ્યાના કારણે સામાન્ય જનતાને સહન કરવુ પડવુ જોઈએ નહી.

# કેરળ સરકાર રાજ્યપાલ વિરૂધ્ધ બે અઠવાડિયામાં બીજી વખત સુપ્રીમમાં પહોંચી

(એજન્સી) તા.૧૧

કેરળએ તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટને જાણ કરી હતી કે રાજયપાલ આરિફ મોહમ્મદ ખાન તેમની વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટમાં ગયા પછી પણ સતત બેફિકર રહીને કામ કરી રહ્યા છે. કેરળ સરકાર ૮ નવેમ્બર, ૨૦૨૩ બુધવારેના રોજ રાજયપાલ આરિફ મોહમ્મદ ખાન વિરૂદ્ધ બીજી વખત સુપ્રીમ કોર્ટમાં ગઈ છે અને તેમના ઉપર નિર્ણાયક બિલો ઉપર અનિશ્ચિત સમય માટે રોકી રાખવા અને રાજયના લોકોના અધિકારોને નકારવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો છે. રાજય તરફથી એડવોકેટ સી.કે. સાસીએ કહ્યું કે રાજયપાલ દ્વારા તાકીદના અભાવ અને મનસ્વી કામગીરી કેરળના લોકોના જીવનના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કરે છે. તેમણે કહ્યું કે, બિલને લાંબા અને અનિશ્ચિત સમય માટે પેન્ડિંગ રાખવાનું રાજયપાલનું વર્તન સ્પષ્ટપણે મનસ્વી છે અને તે બંધારણની કલમ ૧૪ (સમાનતાનો અધિકાર)નું પણ ઉલ્લંઘન કરે છે. વધુમાં, તે બંધારણની કલમ ૨૧ (જીવનનો અધિકાર) હેઠળ કેરળ રાજયના લોકોના અધિકારોનું ઉલ્લંઘન છે. કેરળએ રજૂઆત કરી હતી કે અનુચ્છેદ ૨૦૦ની પ્રથમ જોગવાઈ, જે રાજયપાલના વર્તનને નિયંત્રિત કરે છે અને જ્યારે કોઈ બિલ તેમની સમક્ષ સંમતિ માટે રજૂ કરવામાં આવે છે, તો તાત્કાલિક વિચારણા અને કાર્યવાહી માટે આદેશ આપે છે. રાજયપાલ કાં તો આ બિલ માટે તેમની સંમતિ જાહેર કરી શકે છે, અને તેને ગૃહને સંદેશ સાથે પરત કરી શકે છે અથવા રાષ્ટ્રપતિને મોકલી શકે છે. જો કે, અનુચ્છેદમાં ગવર્નરને શક્ય તેટલી વહેલી કાર્યવાહી કરવાની આવશ્યકતા છે. કેરળએ કહ્યું છે કે આઠ મુખ્ય બિલ હાલમાં રાજયપાલ પાસે પેન્ડિંગ છે. આમાંના કેટલાક બિલ બે વર્ષથી રોકાયેલા છે. વરિષ્ઠ વકીલ કે.કે.વેણુગોપાલે તાજેતરમાં સર્વોચ્ચ અદાલતને જાણ કરી હતી કે કેરળ દ્વારા તેમની વિરૂદ્ધ સર્વોચ્ચ અદાલતમાં ગયા પછી પણ રાજયપાલ બેફિકર થઈને કામ કરે છે. ઘણા વિધેયકોમાં જાહેર હિતનો સમાવેશ થાય છે, અને કલ્યાણકારી પગલાંની જોગવાઈ છે જે રાજયના લોકોને નકારવામાં આવે છે. રાજયના લોકો સાથે ગંભીર અન્યાય કરવામાં આવી રહ્યો છે. ગવર્નર એવું લાગે છે કે સંમતિ આપવી અથવા અન્યથા ખરડાઓ સાથે વ્યવહાર કરવો એ તેમની સંપૂર્ણ વિવેકબુદ્ધિ ઉપર આધારિત છે, આ બંધારણનું અપમાન છે. કેરળ ઉપરાંત, અન્ય બિન- ભાજપ શાસિત રાજયોએ પણ કાયદામાં નિર્ણાયક બિલ પસાર કરવામાં ‘‘ગેરવાજબી રીતે’’ વિલંબ કરવા બદલ તેમના રાજયપાલો સામે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે. તમિલનાડુએ કહ્યું છે કે, રાજયપાલ આર.એન. રવિને બિલો માટે સંમતિ આપી છે અને ન તો પરત કર્યા છે. રાજયપાલે રાજકીય પ્રતિસ્પર્ધી તરીકે કામ કરી રહ્યા છે. પંજાબે ફરિયાદ કરી છે કે વિધાનસભા દ્વારા પસાર કરાયેલા ઘણા ખરડા રાજયપાલ પાસે પેન્ડિંગ હતા. સપ્ટેમ્બર ૨૦૨૨થી પેન્ડિંગ બિલોને ક્લીયર કરવા માટે તેલંગાણાના રાજયપાલ માટે સુપ્રીમ કોર્ટે એપ્રિલમાં દરમ્યાનગીરી કરવી પડી હતી, રાજય વતી હાજર રહેલા એડવોકેટ દુષ્યંત દવેને ફરજ પાડી હતી કે વિપક્ષ શાસિત રાજયોમાં વિધાનસભાઓ રાજયપાલોની દયા ઉપર છે.

# રાજ્યમાં એકીસાથે ૫૩૮ ASIને હંગામી ધોરણે શરતોને આધિન પ્રમોશન

ગાંધીનગર, તા.૧૧

રાજયમાં છેલ્લા કેટલાક દિવસથી પોલીસ બેડામાં ભરતીથી લઈને બદલી-બઢતીની વાતો કરવામાં આવી રહી હતી. ત્યારે દિવાળી પહેલા ગુજરાત પોલીસ બેડામાં ખુશીના સમાચાર બહાર આવ્યા છે. સરકારે મોટી સંખ્યામાં ASIમાંથી PSI પ્રમોશનને મંજૂરી આપી છે. એટલે કે ૫૩૮ આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (ASI)ને પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI)નું પ્રમોશન આપવામાં આવ્યું છે. ગૃહ વિભાગે હંગામી ધોરણે શરતોને આધીન આ પ્રમોશન આપ્યું છે. આ તમામ ૫૩૮ બિન હથિયારી ASI અધિકારીઓને PSI પોલીસ અધિકારી તરીકે પ્રમોશન મળતા તેઓ હવે અલગ-અલગ જગ્યાએ PSI તરીકે ફરજ બજાવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા હેડ કોન્સ્ટેબલમાંથી ASIનું પ્રમોશન આપવામાં આવ્યું હતું. છેલ્લા કેટલાક સમયથી શહેરમાં અસામાજિક તત્ત્વો લૂંટારાઓ બેફામ બની પોલીસને પડકાર ફેંકી રહ્યા હતા, ત્યારે નવા ૫૩૮ PSI પોલીસ ટીમમાં સામેલ થઈ શહેરની સલામતી માટે તૈનાત થશે. ગુજરાત પોલીસતંત્રમાં મોટા ફેરફારો થયા છે. ભૂપેન્દ્ર પટેલ સરકારે પોલીસ કર્મચારીઓની દિવાળી સુધારી દીધી છે. બિન હથિયારી ASIમાં બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર, વર્ગ-૩ની ખાલી જગ્યાઓ ખાતાકિય બઢતી (મોડ-૩)થી ભરવાની બાબતને સરકારે લીલીઝંડી આપી છે. સરકારે પરિપત્ર બહાર પાડી બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર (મોડ-૩), વર્ગ૩ની ૫૩૮ જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે બઢતીથી ભરવાની નીચેની શરતોને આધિન મંજૂરી આપી છે. (૧) આ બઢતી હાલમાં રાજયમાં બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટરની મોટા પ્રમાણમાં જગ્યાઓ ખાલી હોઈ, રાજયમાં કાયદો અને વ્યવસ્થા વધુ સઘન કરવાના અને કાયદો હેતુથી આ જગ્યાઓ ભરવી હિતાવહ હોઈ, હાલમાં સિનિયર ASI બઢતી માટે લાયક ન થાય ત્યાં સુધી નિયત લાયકાત ધરાવતા જૂનિયર ASIઓને શરતી અને તદ્દન કામચલાઉ/હંગામી ધોરણે બઢતી આપવાની રહેશે. (૨) સિનિયર ASI કર્મચારીઓ ખાતાકીય પરીક્ષા માટે લાયક બને કે તુરંત જ તેઓની ખાતાકીય પરીક્ષાનું આયોજન કરવાનું રહેશે અને તેઓ બઢતી માટે લાયક ઠરે ત્યારે લાસ્ટ કમ ફર્સ્ટ આઉટ સિદ્ધાંત મુજબ સૌથી જૂનિયર બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટરને ASI સંવર્ગમાં રિવર્ટ કરવાના રહેશે. (૩) આવા તદ્દન કામચલાઉ બઢતીથી નિમણૂક પામેલ જૂનિયર બિન હથિયારી પોલીસ સબ ઈન્સપેક્ટરને રિવર્ટ કરવામાં આવે ત્યારે કોર્ટ કેસ કે અન્ય કોઈ વહીવટી પ્રશ્નો ઉપસ્થિત ન થાય તે માટે બઢતી પામતા કર્મચારીઓ પાસેથી બાંહેધરી મેળવી લેવાની રહેશે. (૪) બઢતી આપતી વખતે હાલમાં હાઈકોર્ટ સમક્ષ ન્યાયાધિન કોર્ટ કેસોમાં ભવિષ્યમાં સિનિયોરિટી બાબતે કે અન્ય જોઈ સેવા વિષયક બાબતે વહિવટી ગૂંચ કે કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે અંગે પૂરતી કાળજી રાખવાની રહેશે.

# અમદાવાદમાં ઈન્કમટેક્સના દરોડા પાછળ ભાજપનું કોલ્ડવોર : બે જૂથો આમને-સામને !

ગાંધીનગર, તા.૧૧

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે તે અગાઉ હમણાથી જ રાજયમાં રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. ભાજપ દ્વારા વિપક્ષ કોંગ્રેસ-આપ સાથે હિસાબ પૂરો કરવાની દરવખતની પ્રવૃત્તિમાં આ વખતે ભાજપના આંતરિક જૂથવાદને લઈ અંદરોઅંદર હિસાબ પૂરો કરવાનો ખેલ મંડાયો છે. અમદાવાદમાં ઈન્કમટેક્સ વિભાગે શુક્રા ફાર્માસ્યુટિકલ ઉપર દરોડા પાડી પૂર્વ મુખ્યમંત્રીના સંબંધી ઉપરાંત ભાજપ સાથે ઘરોબો ધરાવતા બિઝનેસમેનોને સકંજામાં લીધા છે જેથી ગુજરાતમાં સોંપો પડ્યો છે. આઈટીના દરોડાએ ભાજપના કોલ્ડવોરનું જ પરિણામ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દરોડા પડાયેલ શુક્રા ફાર્માસ્યુટિકલમાં પૂર્વ મુખ્યમંત્રીના સંબંધી સંસ્કૃતિ જયેશ પટેલ ડાયરેક્ટર છે. આ ઉપરાંત મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના ચેરમેન સુજય મહેતાના પત્ની પાયલ મહેતા પણ ડાયરેક્ટર છે. તેમના નિવાસસ્થાને પણ આઈટીએ દરોડા પાડીને સર્ચ કર્યુ હતું. ભાજપ સરકાર સાથે ઘરોબો ધરાવતા દક્ષેશ શાહની ફાર્મા કંપનીમાં મુંબઈથી આવેલા આઈટીના અધિકારીઓએ દરોડા પાડીને કાર્યવાહી કરી છે. ભાજપના જ ખાસ સૂત્રો તરફથી જાણવા મળ્યા મુજબ લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે ટિકિટ ન મળે તેના ભાગરૂપે આ ખેલ ખેલાયો છે. ભાજપના બે જૂથો હાલ સામસામે આવ્યા છે. ભાજપમાં આંતરિક જૂથવાદ ચરમસિમાએ છે ત્યારે આઈટીના દરોડા સૂચક બન્યા છે. ટોચના રાજકારણીઓ સાથે સંબંધો ધરાવનારાને ત્યાં દરોડા પડ્યા છે ત્યારે છેક દિલ્હી સુધી છેડા લગાવાયા છે. રાજકીય પ્રતિષ્ઠા ધૂળધાણી કરવા ભાજપના બંને જૂથો મેદાને પડ્યા છે.

ભાજપનું એક જૂથ તો આઈટીના દરોડા પ્રકરણને ખૂબ ચગાવવામાં રસ દાખવી રહ્યુ છે. મોડી રાત્રે આઈટીએ દરોડા પાડ્યા પછી સોશિયલ મીડિયામાં શુક્રા ફાર્માસ્યુટિકલ કંપનીની આખી જન્મકુંડળી વાયરલ થઈ હતી કેમ કે કયા મુખ્યમંત્રીના સંબંધીને ત્યાં આઈટીના દરોડા પડ્યા છે તે જાણવામાં લોકોને રસ પડ્યો હતો. આમ, વિપક્ષને બદલે આઈટીએ વિરોધીઓને નિશાન બનાવ્યા છે તે જોતા આગામી દિવસોમાં ભાજપમાં કોલ્ડવોર વધુ આક્રમક બને તેવા અણસાર છે. ફાર્મા કંપની ઉપરાંત સરકારી હાઉસિંગ પ્રોજેક્ટ્સના કોન્ટ્રાક્ટ લેનાર પૂર્વ અમદાવાદની કોન્ટ્રાક્ટર કંપની અંકિતા કન્સ્ટ્રક્શન ઉપર પણ દરોડા પાડવામાં આવ્યા છે. અંકિતા કન્સ્ટ્રક્શન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અને ગુજરાત સરકારના હાઉસિંગના પ્રોજેક્ટ્સના કામકાજ કરે છે. અંકિતા કન્સ્ટ્રક્શનના પ્રમોટરોમાં અરવિન્દ આણદાણી છે. અરવિન્દ આણદાણીની ઓફિસે દરોડા પડ્યા ત્યારે તેઓ હાજર નહોતા, પરંતુ તેમને બોલાવીને ઓફિસે લઈ જવાયા હતા. હાઉસિંગ પ્રોજેક્ટ્સમાં સરકારી કોન્ટ્રાકટમાં સુજય મહેતાની નકારાત્મક ભૂમિકા હોવાના કેટલાક પુરાવાઓ પણ આ દરોડા દરમ્યાન હાથ લાગ્યા છે. તેમના વહેવારોની પણ ચકાસણી કરવામાં આવી રહી છે. આ સિવાય પણ અન્ય એક કન્સ્ટ્રક્શન ગ્રુપને દરોડામાં આવરી લેવામાં આવ્યું છે. આ ગ્રુપનું નામ હિલટાઉન હોવાનું અને યુવાનો જ તેના પ્રમોટર હોવાની પણ ચર્ચા છે. આવકવેરાના દરોડાના ધ્યાનાકર્ષક પાસાઓ બહાર આવ્યા છે જે સ્પષ્ટ દર્શાવે છે કે, કંઈક રાજકીય ખીચડી રંધાઈ રહી છે. ઉત્તરપ્રદેશના રાજયપાલ આનંદીબેન પટેલની પૌત્રીના ઘર ઉપર દરોડા પડતા સમગ્ર કેસ ચર્ચાની એરણે છે. આ દરોડામાં ૧૫થી ૨૦ સ્થળોએ મુંબઈના આવકવેરા અધિકારીઓની ટીમ ત્રાટકી હતી, જેમાં ગુજરાતના અધિકારીઓ આગળ ન હતા. આ ઉપરાંત શુક્રા ફાર્માસ્યુટિકલ્સના શંકાસ્પદ આર્થિક વહેવારોની માહિતી દરોડા પાડનારા અધિકારીઓના ધ્યાનમાં હતી.


**ભારત સરકાર**
**સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય**
**વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ વિભાગ (દિવ્યાંગજન)**
**પાંચમો માળ, પં. દીનદયાલ અંત્યોદય ભવન, સીજીઓ કોમ્પ્લેક્સ, લોધી રોડ, નવી દિલ્હી - ૧૧૦૦૦૩**

**વર્ષ ૨૦૨૩-૨૪ માટે વિકલાંગ વિદ્યાર્થીઓ (દિવ્યાંગજન) માટે શિષ્યવૃત્તિ**

વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ વિભાગ, વિકલાંગ વિદ્યાર્થીઓ (દિવ્યજ્ઞાન) ને યોજનાઓ હેઠળ શિષ્યવૃત્તિ મેળવવાની તક પૂરી પાડે છે જેમ કે. વર્ષ ૨૦૨૩-૨૪ માટે પ્રી-મેટ્રિક, પોસ્ટ-મેટ્રિક, ટોપ ક્લાસ એજ્યુકેશન અને નેશનલ ઓવરસીઝ સ્કોલરશિપ.

**૨. અરજદારો માટે સૂચનાઓ:**
(i) અરજદારોને પ્રિ-મેટ્રિક, પોસ્ટ મેટ્રિક અને ટોપ ક્લાસ એજ્યુકેશન સ્કીમ્સ માટે www.scholarships.gov.in પર નેશનલ સ્કોલરશિપ પોર્ટલની વેબસાઈટ પર ઑનલાઈન અરજી કરવાની સલાહ આપવામાં આવે છે (સાઈટની લિંક www.depwd.gov.in) પર પણ ઉપલબ્ધ છે. અથવા રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલની મોબાઈલ એપ્લિકેશન. નેશનલ ઓવરસીઝ શિષ્યવૃત્તિ યોજના માટેની અરજીઓ ઑફલાઈન પ્રાપ્ત થાય છે.
(ii) લાયકાતના માપદંડો અને અરજીઓ ભરવા માટેની સૂચનાઓ સહિતની યોજનાઓની વિગતો www.depwd.gov.in પર ઉપલબ્ધ છે.
(iii) અરજદારોને શિષ્યવૃત્તિ માટે અરજી કરતી વખતે સાચી માહિતી પ્રદાન કરવાની સલાહ આપવામાં આવે છે.

**૩. અરજી માટેની સમયરેખા:**
(i) નેશનલ ઓવરસીઝ શિષ્યવૃત્તિ માટેની અરજીઓ આખા વર્ષ દરમિયાન ઑફલાઈન પ્રાપ્ત થાય છે.
(ii) નીચેની વિગતો મુજબ સ્કોલરશીપ યોજનાઓ માટે અરજી કરવા માટે વિદ્યાર્થીઓની નોંધણી માટે નેશનલ સ્કોલરશીપ પોર્ટલ ખુલ્લું છે:

| | | |
|---|---|---|
| રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ પર તાજી શિષ્યવૃત્તિ (પ્રથમ વખતનાં અરજદારો) અને નવીનીકરણ શિષ્યવૃત્તિ (વર્ષ ૨૦૨૩-૨૪માં શિષ્યવૃત્તિ મેળવનાર અરજદારો) પર ઑનલાઈન અરજીઓ સબમિટ કરવાની છેલ્લી તારીખ | (i) પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ | ૩૦.૧૧.૨૦૨૩ |
| | (ii) પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃતિ (iii) ટોપ કલાસ શિષ્યવૃતિ | ૩૧.૧૨.૨૦૨૩ |

**નોંધ:** પ્રી-મેટ્રિક, પોસ્ટ-મેટ્રિક અને ટોપ ક્લાસ સ્કીમ્સ માટેના સ્લોટ્સમાં તાજી તેમજ રિન્યુઅલ કેસોનો સમાવેશ થાય છે. તમામ રિન્યુઅલ કેસોની પ્રક્રિયા કર્યા બાદ જ બાકી રહેલા સ્લોટ સામે નવા કેસોની વિચારણા કરવામાં આવશે. આમ, માત્ર પાત્રતાના માપદંડોને પરિપૂર્ણ કરવાથી એક વર્ષમાં નિશ્ચિત સંખ્યાના સ્લોટને કારણે શિષ્યવૃત્તિની અનુદાન પ્રાપ્ત થશે નહીં.

**૪. પાત્રતા માપદંડ:**
i ભારતના નાગરિકો માટે શિષ્યવૃત્તિ ખુલ્લી છે.
ii બેન્ચમાર્ક ડિસેબિલિટી ધરાવતી વ્યક્તિ એટલે કે ૪૦% થી ઓછી વિકલાંગતા ન હોય અને સક્ષમ તબીબી અધિકારી દ્વારા અપંગતા પ્રમાણપત્ર આપવામાં આવે.
iii કોઈપણ વર્ગમાં અભ્યાસ કરવા માટેની શિષ્યવૃત્તિ માત્ર એક વર્ષ માટે ઉપલબ્ધ રહેશે. જો કોઈ વિદ્યાર્થીને વર્ગનું પુનરાવર્તન કરવું હોય, તો તેને બીજા (અથવા પછીના) વર્ષ માટે શિષ્યવૃત્તિ મળશે નહીં.
iv. આ યોજના હેઠળ શિષ્યવૃત્તિ ધારક અન્ય કોઈ શિષ્યવૃત્તિ/સ્ટાઈપેન્ડનો લાભ લેશે નહીં. આ યોજના હેઠળ વિદ્યાર્થીઓને તે/તેણી અન્ય કોઈપણ શિષ્યવૃત્તિ/સ્ટાઈપેન્ડ સ્વીકારે તે તારીખથી કોઈ શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવશે નહીં.
v. કોઈપણ શિષ્યવૃત્તિ યોજના હેઠળ લાભ મેળવવા માટે વિકલાંગતા પ્રમાણપત્ર સાથે અનન્ય વિકલાંગ ઓળખ (UDID) અથવા UDID નોંધણી નંબર ફરજિયાત છે.
vi. શિષ્યવૃત્તિ મેળવવા માટે અરજદારોએ આધાર આધારિત બાયોમેટ્રિક પ્રમાણીકરણમાંથી પસાર થવું પડશે
vii. નેશનલ ઓવરસીઝ માટે, અરજદાર પાસે પંચાવન ટકા (૫૫%) ગુણ અથવા સંબંધિત માસ્ટર ડિગ્રી અથવા બેચલર ડિગ્રીમાં સમકક્ષ ગ્રેડ હોવો આવશ્યક છે.

cbc 38117/12/0039/2324

રનફોર જૂનાગઢ અંતર્ગત યોજાયેલ

# ૧૦ કિ.મી. રન કોમ્પીટીશનમાં ૭૭ વર્ષના સિનીયર સિટીઝને દાખવ્યો જોમ

## સૌથી વધુ ઝડપથી દોડીને સ્પર્ધા પુરી કરી




જૂનાગઢ તા. ૧૧

નરસૈયાની નગરી ગિરનારની ગોદમાં આવેલ જૂનાગઢમાં તા.૪-૧૧-૨૩ ને શનિવારે જૂનાગઢ પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ પોલીસ વિભાગ દ્વારા ડ્રગ્સની વિરૂધ્ધ પાંચ કિ.મી. અને દશ કિ.મી.નું રન ફોર જૂનાગઢનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં જૂનાગઢના ઔદિચ્ય ખરેડી બ્રાહ્મણ પીજીવીસીએલના નિવૃત્ત કર્મચારી એવા ૭૭ વર્ષીય દિનેશભાઈ જે. જોષીએ દશ કિલોમીટરની રન કોમ્પીટીશનમાં ભાગ લીધો હતો. તેઓને ટીશર્ટ, બેઝ નંબર અને ટાઈમચીપ આપવામાં આવી હતી. રાત્રીના ૮.૦૦ કલાકે ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ દોડવા માટે લીલીઝંડી આપતા દશ કિ.મી. દોડમાં દિનેશભાઈ જોષીએ કૃષિ યુનિ.ના ગ્રાઉન્ડથી શરૂ કરી અક્ષર મંદીર, મધુરમ ગેઈટથી પરત અક્ષર મંદિર અને ત્યાંથી કલેકટર કચેરી, જીલ્લા સેવા સદન, તાલુકા સેવા સદન અને સરદારબાગથી પરત મોતીબાગ સર્કલ અને ત્યાંથી ભુતનાથ રેલ્વે ફાટકથી પાછા મોતીબાગ સર્કલ થઈ કૃષિ યુનિ. ગ્રાઉન્ડ ખાતે ૨૪૦૦૦ સ્પર્ધકોમાં બાળકો અને યુવાનોને પાછળ રાખી અને રસ્તામાં અનેક જગ્યાએ પાણીના પોઈન્ટ હોવા છતાં કયાંય પણ રોકાયા વગર અને પાણી પીધા વગર દશ કિ.મી. સ્પર્ધા જોમ અને જુસ્સા ાસથે પુર્ણ કરી હતી. તેઓ જણાવે છેકે, મન અને ઈરાદો મજબુત હોય તો જરૂર સફળતા પ્રાપ્ત થાય છે. તેઓએ ઘણી બધી એથ્લેટીક સ્પર્ધામાં પાંચ કિ.મી.ની ઝડપી ચાલ અને ૧૫૦૦ મીટર દોડમાં પ્રથમ નંબર સાથે ગોલ્ડમેડલો પણ મેળવેલા છે. આમ રન ફોર જૂનાગઢમાં ભાગ લઈ દિનેશભાઈ જોષીએ સમસ્ત પોલીસ વિભાગ, ઔદિચ્ય ખરેડી બ્રાહ્મણ જ્ઞાતિ, સમસ્ત બ્રહ્મસમાજ તેમજ જૂનાગઢ શહેરનું ગૌરવ વધારેલ છે.

# સોમનાથ મહાદેવ મંદિર દિપાવલી પર્વમાં શિવભકતો, ભાવિકો અને પ્રવાસીઓને આકર્ષવા સજ્જ





વેરાવળ તા. ૧૧

વિશ્વ પ્રસિધ્ધ ભારતના બાર જયોર્તિલીંગના પ્રથમ સોમનાથ મહાદેવ મંદિરે દિપાવલી પર્વમાં દિવાળી વેકેશન શનિ-રવિ રજા અને કાર્તિક પૂર્ણિમા મેળા પુર્વ આગમનને વધાવવા તડામાર તૈયારીઓ સાથે સજ્જ થઈ રહયું છે.

સોમનાથ મહાદેવ મંદિરમાં આકર્ષક રંગબેરંગી નયનરમ્ય રંગોળી કાઢવામાં આવી છે. સોમનાથ મહાદેવ મંદિર નયનરમ્ય વિદ્યુત રોશનીમાં સમગ્ર મંદિર ઝળહળાટ સાથે ન્હાઈ રહયું છે. સોમનાથ ટ્રસ્ટ ઓફીસ તથા તમામ અતિથી ગૃહોને વીજળીની ઝળહળતી રોશનીથી શણગારાયા છે. અને તમામ અતિથીગૃહોના પ્રવેશદ્વારે ટ્રસ્ટના કર્મચારીઓ દ્વારા અને યાત્રિકો સ્વયંભુ સહકારથી વેસ્ટમાંથી બેસ્ટ પ્રેરક રંગો સાથેની રંગોળીઓ કઢાઈ રહી છે જે તા.૧૧ સુધીમાં પુર્ણ થયે નિહાળી ધન્યતા અનુભવાશે.

આ રંગોળીઓ એટલે તેને પ્રથમ ડીઝાઈન સાથે ભૂમિગત રંગોળી દોરવામાં આવે છે. અને તેની ઉપર લાકડાના વ્હેર, છોલાનો કલર રંગ પુરવામાં આવે છે. સોમનાથ એ સાગર કિનારે વસ્તુ તિર્થ હોય, સાગરખેડૂઓ દરિયાઈ સફર માટે અનેક મોટી બોટો લાકડાની બનાવતા હોય છે. જેનો વ્હેર-છોલ કે કરચોને લાલ, પીળા, કેસરી, વાદળી, લીલા, ગુલાબી, જાંબલી સહિત ઈન્દ્રધનુષી રંગોના દ્રાવણમાં એ છાલાઓને ઝબોળી તેને સુકવી રંગોળીમાં રંગ તરીકે વપરાય છે. એટલે કે ચીરોડી કે બજારમાં મળતા રંગ જે ભુકા સ્વરૂપે હોય છે તે સામાન્ય લોકો વાપરતા હોય છે પરંતુ આ રંગોળીમાં વેસ્ટમાંથી બેસ્ટ કલર કરાયેલ લાકડાના વ્હેરનો ઉપયોગ કરાય છે. અને રંગોળી ઉપર રંગ તરીકે વપરાય છે અને તેની ઉપર ફેવીકોલનો સ્પ્રે કરાય છે. જેથી પવનના ઝપાટામાં તે છાલા ઉડી ન જાય અને ઓઈલનો પણ સ્પ્રે કરાય છે. જેથી તેની ચમક તાજી જ રહે છે. સોમનાથ ટ્રસ્ટના સચિવ યોગેન્દ્ર દેસાઈ અને જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાના માર્ગદર્શન હેઠળ દિવાળી અને નૂતન વર્ષની સંધ્યાએ સોમનાથ અતિથી ગૃહ પટાંગણમાં રંગબેરંગી આકર્ષક આતશબાજી કરવામાં આવશે જેમાં ટ્રસ્ટ અતિથી ગૃહોમાં ઉતરેલા યાત્રિકોને સહભાગી બનાવી તેઓને પોતાના ઘરની અનુભુતી સાથે દિવ્ય તિર્થની યાત્રા યાદગાર બનાવાશે.

આ ઉપરાંત સોમનાથ મંદિર ખાતે નિયત તારીખે ઓનાઈન અને ઓફ લાઈન ચોપડા પૂજન, લક્ષ્મીપૂજન, સોમેશ્વર પૂજા સહિતના કાર્યક્રમો યોજાયા છે. એસટી તરફથી દિવાળીની રજાઓ દરમ્યાન વધારાની બસો દોડાવાશે તેમ એસટી જનરલ મેનેજર દિલીપ શામળાએ જણાવ્યું હતું.

નૂતન વર્ષે સોમનાથ મહાદેવ મંદિરે વિશેષ ભાવિકો ઉમટે છે અને ટ્રસ્ટ હસ્તકના મંદિરોમાં પરંપરાગત અન્નકુટ દર્શન તથા નૂતન રામ મંદિરે ‘રામ’ નામ લેખન યજ્ઞમાં સૌ સહભાગી બની ધન્યતા અનુભવશે.

# વેરાવળમાં ફોટોગ્રાફર એસોસીએશન દ્વારા ૧૧માં વર્ષે કેમેરા પૂજન કરાયું





(પ્રતિનિધિ દ્વારા)

સોમનાથ, તા.૧૧


વેરાવળમાં છેલ્લા ૧૦ વર્ષથી ફોટોગ્રાફર ભાઈઓ દ્વારા પોતાના શસ્ત્ર એવા કેમેરાનું પૂજન કરવામાં આવે છે.ત્યારે ધનતેરસના દિવસે ૧૧માં વર્ષે પણ કેમેરા પૂજનનું આયોજન મુકેશભાઈ ચોલેરા દ્વારા સિદ્ધિ સ્ટુડિયો ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં વેરાવળ પાટણના ફોટોગ્રાફર જોડાયા હતા. નૂતન વર્ષે લોકો લક્ષ્મી પૂજન, ચોપડા પૂજન કરતા હોઈ છે ત્યારે વેરાવળના ફોટોગ્રાફર છેલ્લા ૧૦ વર્ષથી પોતાના શસ્ત્ર એવા કેમેરાનું પૂજન કરે છે. ત્યારે ધનતેરસના પાવન દિવસે સિદ્ધિ સ્ટુડિયો ખાતે કેમેરા પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વેરાવળ અને આસપાસના વિસ્તારના ફોટોગ્રાફર બહોળી સંખ્યામાં જોડાયા હતા અને પોતાના કેમેરાનું પૂજન કર્યું હતું.

આ તકે મુકેશભાઈ ચોલેરાએ જણાવ્યું હતું કે દિવાળીના પવિત્ર તહેવારમાં લોકો પોતાના ચોપડાનું પૂજન, લક્ષ્મીજી પૂજન કરતા હોઈ છે ત્યારે અમે છેલ્લા ૧૦ વર્ષથી અમારી રોજી રોટી એવા કેમેરાનું પૂજન કરીએ છીએ અને તેમાં વેરાવળ પંથક સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારના ફોટોગ્રાફર પણ અમારી સાથે જોડાય છે. કાનાભાઈ પુરોહિતે જણાવ્યું હતું કે ૨૦૧૪માં જ્યારે નરેન્દ્ર મોદી પ્રથમ વાર વડાપ્રધાન બન્યા ત્યારે તેમણે સૌ પ્રથમ સંસદમાં સાષ્ટાંગ પ્રણામ કરી પ્રવેશ કર્યો હતો.એ એટલા માટે કે આપણે જે જગ્યાએ કામ કરવાના છે અને જેનાથી કામ કરવાના છે તેનું પહેલા પૂજન થવું જોઈએ. ફોટોગ્રાફરનું પણ મુખ્ય કામ અન્ય લોકોના શુભ પ્રસંગોનું હોઈ છે જેથી તેમના પ્રસંગોમાં પણ કોઈ વિઘ્ન ન આવે અને આનંદથી પૂરા થાય તેથી અમે અમારા કેમેરા લેન્સ વગેરે જેવી વસ્તુઓનું પૂજન કરીએ છીએ.

# સાળંગપુર શતામૃત મહોત્સવ : ૫૦ વિઘામાં તૈયાર કરાયેલું વિશાળકાય ભોજનાલય શરૂ

## દરરોજ સાત્વિક, સ્વાદિષ્ટ અને ગુણવત્તાસભર પ્રસાદ ભક્તોને પીરસવામાં આવશે





સાળંગપુર, તા.૧૧

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ ધામ સંચાલિત, શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી સાળંગપુરધામ આયોજિત, વડતાલ ગાદીનાં પ. પૂ. ધ. ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજનાં આશિષથી વિશ્વ વિખ્યાત સાળંગપુર હનુમાનજી મંદિરમાં શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીની સ્થાપનાને ૧૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આગામી ૧૯થી ૨૨ નવેમ્બર દરમિયાન ભવ્ય અને દિવ્ય શતામૃત મહોત્સવ ઉજવાશે.

૧ હજારથી વધુ વિઘામાં યોજાનારા મહોત્સવમાં લોકો માટે અનેક આકર્ષણની સાથે અલગ-અલગ સુવિધા પણ ઊભી કરાઈ છે. મહોત્સવ માણવા આવતાં લોકો માટે ઉત્સવ ગ્રાઉન્ડના ૫૦ વિઘા વિસ્તારમાં વિશાળ નિશુલ્ક ભોજનાલય શરૂ થઈ ગયું છે. જેમાં દરરોજ એક સાથે ૧ લાખથી વધુ લોકો આરામથી જમી શકશે તે મુજબ વ્યવસ્થા કરવામાં આવી છે.

મહત્ત્વનું છે કે, અત્યારે મંદિર પરિસરનું નૂતન ભોજનાલય થોડાક સમય સુધી બંધ રહેશે. દાદાના દર્શને આવતાં તમામ ભક્તો મહોત્વસ ગ્રાઉન્ડમાં શરૂ કરાયેલા ભોજનાલયમાં રાબેતા નિશુલ્ક પ્રસાદ લઈ શકશે.

૧ લાખથી વધુ ભક્તો દાદાનો પ્રસાદ લઈ શકે એવું વિશાળ ભોજનાલય શતામૃત મહોત્સવના ગ્રાઉન્ડમાં બનાવાયેલાં વિશાળ ભોજનાલય અને રસોડા વિભાગની સેવા સંભાળી રહેલા સ્વરૂપ સ્વામીએ જણાવ્યું કે, ’’૫૦ વીઘાથી વધુ વિસ્તારમાં મહોત્સવમાં આવેલા ભક્તોને જમવા માટે વ્યવસ્થા કરવામાં આવી છે. મહોત્સવ ગ્રાઉન્ડની નજીક મહાકાય રસોડાની તૈયાર થઈ ગયું છે.’’

સ્વરૂપ સ્વામીએ વધુમાં જણાવ્યું કે, અહીં એક લાખથી વધુ ભક્તો આરામથી પ્રસાદ લઈ શકે તે માટે અલગ-અલગ વિભાગ ઉભા કરાયા છે. જેમાં વીઆઈપી, વીવીઆઈપીઅને જનરલ વિભાગ બનાવાયા છે. તો રસોડા વિભાગની સેવામાં અને નૂતન ભોજનાલય એમ બંને જગ્યાએ થઈને ૩,૦૦૦થી વધુ સ્વયંસેવકો ખડે પગે રહેશે. આખા મહોત્સવમાં ૩૦ લાખથી વધુ ભક્તો ભોજનાલયમાં નિશુલ્ક પ્રસાદ લેશે. સાત્વિક, સ્વાદિષ્ટ અને ગુણવત્તાસભર પ્રસાદ ભક્તોને પીરસવામાં આવશે.

શતામૃત મહોત્સવમાં આવતા દર્શનાર્થીઓ માટે રસોડા વિભાગમાં દરરોજ નક્કી કરાયેલા મેનુ મુજબ બે મીઠાઈ, બે ફરસાણ, બે શાક, દાળ-ભાત, રોટલી, સલાડ અને છાશ પીરસવામાં આવશે.

દર્શનાર્થીઓ માટે રસોડામાં જમવા માટેનો સમય સવારે ૯:૦૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી રહેશે. જે બાદ સાંજે ૫:૦૦ વાગ્યાથી રાતના ૦૯:૦૦ વાગ્યા સુધી ભોજન ગ્રહણ કરી શકશે. આમ અંદાજે આખા મહોત્સવ દરમ્યાન ૪૦ લાખથી વધુ ભક્તો આરામથી પ્રસાદ લઈ શકે તે માટેની વ્યવસ્થા શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરના સંતો દ્વારા કરવામાં આવી છે.

શ્રી ખોડલધામ મંદિર અને

# મા ખોડલની ૩૦૦ સ્કવેરફૂટની મનમોહક ઉત્કૃષ્ટ પ્રતિકૃતિ રંગોળી નિહાળી નરેશભાઈ પટેલે બહેનોને પ્રોત્સાહિત કર્યા



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૧૧

દિવાળીના પર્વ નિમિત્તે ઠેર ઠેર રંગોળીઓ કરવામાં આવતી હોય છે ત્યારે શ્રી સરદાર પટેલ સોશિયલ ગ્રુપ વેસ્ટ- રાજકોટની ગર્લ્સ વિંગની બહેનો દ્વારા રાજકોટ શહેરના શ્રી સરદાર પટેલ ભવન ખાતે એટલે કે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડની મુખ્ય કાર્યાલય ખાતે વિશાળ ઉત્કૃષ્ટ રંગોળી તૈયાર કરવામાં આવી છે. આ મનમોહક રંગોળીમાં શ્રી ખોડલધામ મંદિર અને મા ખોડલની પ્રતિકૃતિ બનાવવામાં આવી છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલે આ રંગોળીને નિહાળીને રંગોળી તૈયાર કરનાર બહેનોને ખોડલધામના ખેસ પહેરાવીને પ્રોત્સાહિત કર્યા હતા અને શ્રી સરદાર પટેલ સોશિયલ ગ્રુપ વેસ્ટ- રાજકોટના હોદ્દેદારોને પણ બિરદાવ્યા હતા.

મહત્વનું છે કે, ૩૦૦ સ્કવેર ફૂટની આ આકર્ષક રંગોળી તૈયાર કરવામાં ૬ બહેનોને ૨૦ કલાક જેટલો સમય લાગ્યો હતો. આ રંગોળી બનાવવામાં કૃતિબેન કોરાટ વાડોદરિયા, કૃપાબેન કોરાટ, ગોપીબેન કોરાટ, હેત્વીબેન સોરઠીયા, ખુશીબેન ઠુંમર અને પુષ્ટિબેન વરસાણીએ પોતાની કલા દર્શાવી હતી. આ રંગોળી માટેનો વિચાર શ્રી સરદાર પટેલ સોશિયલ ગ્રુપ વેસ્ટના અમિતાબેન પરસાણાએ આપ્યો હતો અને શ્રી સરદાર પટેલ સોશિયલ ગ્રુપ વેસ્ટ-રાજકોટના પ્રમુખ પ્રશાંતભાઈ રામોલિયા સહિતના હોદ્દેદારો અને સભ્યોએ જહેમત ઉઠાવી હતી. આ રંગોળી ૧૦ થી ૧૮ નવેમ્બર સુધી કોઈપણ વ્યક્તિ શ્રી સરદાર પટેલ ભવન, ન્યૂ માયાણીનગર, રાજકોટ ખાતે રૂબરૂ આવીને નિહાળી શકે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી છે અને રાજકોટના નગરજનોને આ રંગોળી નિહાળવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ● દિપાવલીના શુભમુહુર્તો ●

વિક્રમ સંવત ૨૦૭૯, આસોવદ ૧૪-૩૦, તા.૧૨/૧૧/૨૩, રવિવાર, ધનલક્ષ્મી, ચોપડા, શારદા પૂજનના શુભમુહુર્તો

સવારે ૮-૦૦ થી ૯-૪૫ કલાક વૃશ્ચિક સ્થિર લગ્ન
સવારે ૮-૩૨ થી ૧-૦૨ કલાક ચલ, લાભ, અમૃત
બપોરે ૧૨-૩૯ થી ૧-૧૫ કલાક વિજય મુહુર્ત (અભિજીત નક્ષત્ર)
બપોરે ૧-૪૫ થી ૩-૩૧ કલાક કુંભ સ્થિર લગ્ન
બપોરે ૨-૩૨ થી ૩-૦૨ કલાક શુભ
સાંજે ૫-૧૫ થી ૬-૧૫ કલાક ગોધૂલિક (ગોરજ) મુહુર્ત
સાંજે ૬-૩૫ થી ૮-૩૫ કલાક વૃષભ સ્થિર લગ્ન
સાંજે ૬-૦૭ થી ૧૦-૩૭ કલાક શુભ, અમૃત, ચલ
રાત્રે ૧-૩૭ થી ૩-૦૭ કલાક લાભ
રાત્રે ૨-૧૨ થી ૪-૨૧ કલાક સિંહ સ્થિર લગ્ન
પરોઢે ૪-૩૭ થી ૬-૦૭ કલાક શુભ

-દેવેન કનકચંદ્ર વ્યાસ, અંજાર (કચ્છ)

# દેશભરમાં કાળીચૌદશની શાનદાર ઉજવણી

## આજે મહિકા સ્મશાનમાં ભુત-પ્રેતનું સરઘસ, મેલીવિદ્યાની નનામીને અગ્નિદાહ અપાશે

## વિજ્ઞાન જાથાનાં રાજયકક્ષાના કાર્યક્રમમાં ઐતિહાસિક ઉજવણી થશે, મહિકા સ્મશાનમાં ભોજન સમારંભ

અમદાવાદ, તા.૧૧

ભારતમાં સદીઓથી કાળીચૌદશની ખૌફનાક વાતો, ગેરમાન્યતા, કુરિવાજો, પરંપરાઓ, કર્મકાંડો-ક્રિયાકાંડો પ્રદેશ પ્રમાણે જોવા મળે છે. કાળીચૌદશ ભારે, અશુભ દિવસ, સાધના-ઉપાસના, મેલીવિદ્યાની આપ-લે, ફળ પ્રાપ્તિ, સંધ્યા સમયે પ્રેતાત્માનો વિહાર, સગર્ભા સ્ત્રીએ બહાર નીકળવું નહિ, ચાર ચોકમાં કરેલ કુડાંળામાં પગ મુકવો નહિં તેવી જાતજાતની વાતો સાંભળવામાં આવે છે. હકિકતે તમામ બોગસ, હંબક, બોબુનિયાદ વિજ્ઞાન જાથાએ સાબિત કરી છે. તેથી કાળીચૌદશની દેશભારમાં ઐતિહાસિક ઉજવણી કરવામાં આવે છે. સ્મશાનમાં ખંડન કાર્યક્રમો યોજી લોકોમાં દ્રઢ મનોબળ કેળવવા પ્રયાસ કરવામાં આવે છે. શનિવાર તા.૧૧મી રાત્રિના ૯-૦૦ કલાકે રાજયકક્ષાનો કાર્યક્રમ મહિકા ગામે યોજવામાં આવ્યો છે જેમાં જનસમાજ, જાગૃતોને હાજર રહેવા આહવાન કરવામાં આવ્યું છે.

વધુમાં જયંત પંડયા જણાવે છે કે મહિકા ગામમાં રાત્રિના ૯-૦૦ કલાકે ધણ ચોકમાં એકઠા થઈ ભુત-પ્રેતનું સરઘસ,મશાલ સરઘસ,મેલીવિદ્યાની નનામી, વિજ્ઞાન સુત્રોચ્ચાર સાથે રેલી નીકળી સોનાપુરી સ્મશાનમાં પહોંચી સૌ પ્રથમ સ્મશાનના ખાટલે અગ્નિદાહ આપી તેના ઉપર ચા મુકી હાજર જાગૃતો ચા ની ચુશ્કી લગાવેશ. મેલીવિદ્યાનો પોંક બતાવવામાં આવશે. ભુપ-પ્રેતની વેશભુષામાં ડર-ભય કાઢવાના નવતર કાર્યક્રમો આપશે. કકડાટના વડા સ્મશાનના ખાટલે આરોગવામાં આવશે. ચમત્કારોથી ચેતો લોકજાગૃતિનું નિદર્શન કરી વિસ્તૃત માહિતી આપવામાં આવશે. સ્મશાનમાં હાજર લોકોને ચા-નાસ્તો, પુડલા સામુહિક ભોજન કરાવવામાં આવશે.

# આજે ૧૧ નવેમ્બર "રાષ્ટ્રીય શિક્ષણ દિવસ"



**લેખન**
ડો સચિન જે પીઠડીયા
**G.E.S Class 2 officer**
સરકારી વિનયન કોલેજ
ભેંસાણ

ભારત દર વર્ષે ૧૧ નવેમ્બરનાં રોજ "રાષ્ટ્રીય શિક્ષણ દિવસ"ની ઉજવણી ભારતનાં પ્રથમ કેન્દ્રીય શિક્ષણ પ્રધાનમૌલાના અબુલ કલામ આઝાદની જન્મજયંતિની ઉજવણી માટે કરે છે. આ દિવસની શરૂઆત ૧૧ નવેમ્બર ૨૦૦૮માં ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિપ્રતિભા પાટીલ દ્વારા કરવામાં આવી હતી. મૌલાના આઝાદનો જન્મ ૧૧ નવેમ્બર, ૧૮૮૮નાં રોજ થયો હતો.રાષ્ટ્ર નિર્માણ, સંસ્થાન નિર્માણ અને શિક્ષણ ક્ષેત્રે મૌલાના આઝાદના યોગદાન બદલ ૧૯૯૨માં તેમને ભારતનાં સર્વોચ્ચ નાગરિક સન્માન મરણોત્તર ભારત રત્નથી નવાજવામાં આવ્યા હતા.

મૌલાના અબુલ કલામ આઝાદ : આઝાદી પછી ૧૯૫૨માં મૌલાના આઝાદ ઉત્તર પ્રદેશનાં રામપુર જિલ્લામાંથી સાંસદ તરીકે ચૂંટાયા અને ભારતનાં પ્રથમ શિક્ષણ પ્રધાન બન્યા. આઈઆઈટી ખડગપુરની પ્રથમ ભારતીય ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીની સ્થાપના મૌલાના અબુલ કલામ આઝાદે કરી હતી. સ્વતંત્ર ભારતનાં શિક્ષણ પ્રધાન સ્ટીને મૌલાના આઝાદે રાષ્ટ્રીય શિક્ષણ પ્રણાલીની રચના કરી. નિથશુલ્ક પ્રાથમિક શિક્ષણ એ પ્રાથમિક ઉદ્દેશ હતો. મૌલાના આઝાદે એકવાર કહ્યું હતું કે શાળાઓ પ્રયોગશાળાઓ છે, જે દેશના ભાવિ નાગરિકોનું ઉત્પાદન કરે છે. સેન્ટ્રલ એડવાઈઝરી બોર્ડ ઓફ એજ્યુકેશન (સીએબીઈ) ની પ્રથમ બેઠકને સંબોધિત કરતા મૌલાના આઝાદે કહ્યું હતું કે, કોઈપણ સિસ્ટમનો પ્રાથમિક ઉદ્દેશ સંતુલિત મન બનાવવાનો છે કે જેને ગેરમાર્ગે દોરી ન શકાય. આઈઆઈટી ખડ્ગપુર, યુનિવસટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) ઉપરાંત, મૌલાના અબુલ કલામ આઝાદ દ્વારા ઓલ ઈન્ડિયા ટેક્નિકલ એજ્યુકેશનની સ્થાપના પણ કરવામાં આવી હતી. ભારતીય સાંસ્કૃતિક સંબંધો (આઈસીસીઆર), સાહિત્ય અકાદમી, લાલિત કલા અકાદમી, સંગીત નાટક અકાદમી અને કાઉન્સિલની સ્થાપનાનો શ્રેય પણ મૌલાના અબુલ કલામ આઝાદને જાય છે. શિક્ષણ, રાષ્ટ્ર નિર્માણ અને સંસ્થા નિર્માણનાં ક્ષેત્રમાં મૌલાના અબુલ કલામ આઝાદનું પ્રદાન અનુકરણીય છે. તેઓ ભારતમાં શિક્ષણનાં મુખ્ય આકટેક્ટ છે. તેઓ ૧૯૪૭ થી ૧૯૫૮ દરમિયાન સ્વતંત્ર ભારતના પ્રથમ શિક્ષણ પ્રધાન હતા.

**રાષ્ટ્રીય શિક્ષણ દિવસનો હેતુ :** મૌલાના આઝાદને સ્વતંત્ર ભારતમાં શિક્ષણના મુખ્ય 'આર્કિટેકટ' તરીકે પણ ઓળખવામાં આવે છે. મૌલાના અબુલ કલામ આઝાદ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭થી ૨ ફેબ્રુઆરી ૧૯૫૮ સુધી ભારતના શિક્ષણ પ્રધાન **(First Education Minister of India)** હતા. ભારતના પ્રથમ શિક્ષણ પ્રધાન તરીકે આઝાદે ગ્રામીણ ગરીબો અને છોકરીઓને શિક્ષિત કરવા પર ભાર મૂક્યો હતો. મૌલાના અબુલ કલામ એક સુધારક, સ્વાતંત્ર્ય સેનાની, વિદ્વાન અને જાણીતા શિક્ષણવિદ્ હતા. જેમણે શિક્ષણ દ્વારા રાષ્ટ્ર નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

કેવી રીતે ઉજવવામાં આવે છે આ દિવસ : સમગ્ર દેશમાં **(How to celebrate National Education Day)** શાળાના વિદ્યાર્થીઓ મૌલાના અબુલ કલામ આઝાદના ઉપદેશો અને સિદ્ધિઓ પર ચર્ચાઓ, ચર્ચાઓ અને થીમ આધારિત કાર્યક્રમોનું આયોજન કરી શકે છે. તેઓ મૌલાના અબુલ કલામ આઝાદની જન્મજયંતિ અથવા તેમની જીવન સિદ્ધિઓ સંબંધિત સાંસ્કૃતિક કાર્યક્રમો પણ કરી શકે છે. વધુમાં, શાળાઓ ભારતીય શિક્ષણ પ્રણાલીમાં વર્તમાન સમસ્યાઓ અને મુદ્દાઓની ચર્ચા કરવા માટે ચર્ચાઓ અથવા સેમિનારનું પણ આયોજન કરી શકે છે. આ ચર્ચાઓ દ્વારા, નિષ્ણાતો અને શેરધારકો સિસ્ટમમાં સમસ્યાઓને ઓળખી શકે છે અને આ સમસ્યાઓના સંભવિત ઉકેલો સાથે પણ આવી શકે છે.

કોઈ પણ દેશ માટે શિક્ષણ એ ખુબ જરૂરી બાબત છે. સમાજનું ઘડતર કરનાર અને સમાજને સુરક્ષિત રાખવામાં મોટામાં મોટો ફાળો હોય તો એક શિક્ષકનો છે. આજનો દરેક વિદ્યાર્થી ભવિષ્યનો નાગરિક છે. તે સમગ્ર દેશનો આધાર સ્તંભ છે. તે ઈમારતનો એક પાયો છે. એ પાયાને મજબૂત કરવાનું કામ શિક્ષક કરે છે. તેઓ ઈમારતનું પાકું ચણતર કરી તેને કદી ડગવા દેતા નથી. ભગવાન શ્રીરામ અને શ્રીકૃષ્ણએ પણ શિક્ષા મેળવવા માટે બાળપણમાં પોતાનું ઘર છોડીને શિક્ષા મેળવી અને પોતાનાં જીવનને સાર્થક બનાવ્યુ. આજે લોકો શિક્ષણ પ્રત્યે જાગૃત છે પણ આ ક્ષેત્રમાં હજુ ઘણું કરવાનું બાકી છે. આજનું શિક્ષણ આપણને ભૂતકાળ સાથે જોડે છે, પરંપરા સાથે જોડે છે પરંતુ ભવિષ્ય સાથે બહુ ઓછુ નિસ્બત રાખે છે. ખરેખર તો અત્યારે શું કરવું જોઈએ તેનાં પર પણ શિક્ષણમાં સંશોધન કરવું જરૂરી છે.

# દેવભૂમિ દ્વારકા પોલીસે ગુમ-ચોરી થયેલા ૨૨ જેટલા મોબાઈલ ફોન મુળ માલીકોને સોંપ્યા






(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૧

રાજય સરકારના "તેરા તુજકો અર્પણ" અભિયાન અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લા ખાતેથી લોકોના ગુમ/ચોરી થયેલા ૨૨ જેટલા મોબાઈલ ફોન બાબતે પોલીસને માત્ર અરજી દ્વારા જાણ મળતા, જિલ્લા પોલીસ દ્વારા ત્વરીત તમામ મોબાઈલ ફોનને ટ્રેસ કરવાની કાર્યવાહિ કરવામા આવેલ, ગુમ/ચોરી થયેલ મોબાઈલ ફોન ટ્રેસીંગ દ્વારા શોધી આપી પરત મેળવવામા આવેલ. અરજદારને કોઈ પણ પ્રકારે પોલીસ સ્ટેશનના ધક્કા તેમજ કોર્ટ કચેરીની કાર્યવાહી બાબતે હેરાન કર્યા વિના ધનતેરસના શુભ દિને પોલીસ અધિક્ષક તેમજ એસડીપીઓ ખંભાળિયા દ્વારા રૂબરૂ બોલાવી સ્વહસ્તે તેઓના પોતાના મોબાઈલ ફોન સહિ સલામત પરત આપવામાં આવેલ છે. જે તમામ મોબાઈલ મળી કુલ મુદ્દામાલ ૬. ૩,૯૨,૯૦૦/-ના શોધી કાઢી અરજદારને પરત આપતા ખરા અર્થમા "તેરા તુજકો અર્પણ" ઉક્તી ચરીતાર્થ દેવભૂમિ દ્વારકા પોલીસે કરી છે. જિલ્લા પોલીસની ત્વરીત તેમજ હેરાનગતિ વિહીન કાર્યવાહીને પગલે અરજદારો દ્વારા જિલ્લા પોલીસ તેમજ પોલીસ અધિક્ષકશ્રીનો વિશેષ આભાર માનવામા આવેલ તેમજ અરજદારો દ્વારા જણાવવામાં આવેલ કે પહેલા જે પોલીસ બાબતેનો ડર હતો તે દુર થયો છે અને ખરેખર પોલીસ પ્રજાનો મિત્ર છે તે અહેસાસ લોકોને થઈ રહયો છે.

# બિલખા પંચાયતને જીલ્લા પંચાયત સદસ્ય અનકભાઈએ લોન આપતા કર્મચારીઓના પગાર ચુકવાયા



(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

બિલખા તા.૧૧

હાલના દિવાળીના તહેવારો ઉપર લોકોને નાણાંની જરૂર હોય ત્યારે બિલખા પંચાયતની ગ્રાન્ટ ન આવતા પંચાયતના કર્મચારીઓના પગાર પણ થઈ શકે એમ હતા નહી. ત્યારે જૂનાગઢ જીલ્લા પંચાયત બિલખા સીટના સદસ્ય અનકભાઈ ભોજકે બિલખા પંચાયતને વગર વ્યાજે લોન પેટે ૨.૪૦ લાખ રૂપીયા આપતા કર્મચારીઓને એક-એક પગાર ચુકવવામાં આવ્યો હતો. જેને લઈને કર્મચારીઓમાં આનંદની લાગણી જોવા મળે છે.

# બાબરામાં માનતાના નામે પશુ બલી ચડાવવા બાબતે ચાર શખ્સો સામે થશે કાર્યવાહી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૧

બાબરામાં કાળી ચૌદસે માનતાના નામે પશુબલી માતાજીના મઢે બે નિર્દોષ પશુની બલી ચઢાવવામાં આવી પ્રસાદ કરતી વેળાએ વિજ્ઞાન જાથાની ટીમ અને બાબરા પોલીસ સ્ટેશનનો સ્ટાફ ત્રાટકતા નાશ ભાગ ૨૧મી સદીમાં પણ આજે



રોગ મટાડવા સંતાન પ્રાપ્તિ માનતાના નામે નિર્દોષ પશુ પક્ષીની નિર્મમ હત્યા થાય છે તે દુઃખદ છે. બાબરાના વાલ્મિકી વાસમાં ભુવા રમેશભાઈ વાડોદરા અને તેના સાગ્રિતો અનિલ ભુવા, અજય ભુવા અને વિનુ ભુવા નામના ત્રણ શખ્સો કુલ ચાર શખ્સો સામે એક રમેશભાઈ ભુવા મુખ્ય પ્રણેતા એની સામે ગુનો નોંધવાની પ્રક્રિયા ચાલુ છે પોલીસે ચારેય ની અટક કરી છે વિજ્ઞાન જાથા એ માહિતી મળી હતી કે કાળી ચૌદસને દિવસે જ પ્રારંભ થાય તે પહેલા માનતાના નામે બે પશુની બલી ચડવાની છે. તેમાં બે પશુઓ સમયસર આવી ગયા ૧૧ પશુ રસ્તામાં હતા. તે દરમ્યાન ભુવાએ ઝડપથી વિધિ-વિધાન કરતા બે નિર્દોષ બોકડાનો વદ કરી અને લોહીનો છંટકાવ કરી અને માતાજીને પ્રસન્ન કરવા રમેશ ભુવાએ ધુણીને માનતા પૂરી થઈ છે તેઓ શુર વ્યક્ત કર્યો હતો. આ ઘટનામાં વિજ્ઞાન જાથાને માહિતી હતી કે છેલ્લા ૧૦ વર્ષથી રમેશ દોરા ધાગા જોવાનું કામ લોકોના દુઃખ દર્દ મટાડવાનું કામ કરે છે અને લોકોને ભ્રમ નાખી શારીરિક માનસિક આર્થિક શોષણ કરે છે. આ ભુવા પાસે હિન્દુ - મુસ્લિમના વિવિધ લોકો પણ આવતા હતા. જે તેને કબુલાત પણ આપી દીધી હતી દર મહિને માતાજીના મઢ પોતાના ઘરમાં રાખીને નિર્દોષ પશુઓની બલી ચઢાવતા હતા અત્યાર સુધીમાં ૪૦૦ આસપાસ નિર્દોષ પશુને બલિ ચડાવી દીધી છે તેવી હકીકત પણ જાણમાં આવી હતી. એમ બધા પુરાવા એકત્ર કરી અને રમેશ ભુવાને પૂછતા તમામ કબુલાત આપી દીધી આજે કાળી ચૌદસનો દિવસ બેસતાની સાથે ભુવાએ બંને નિર્દોષ પશુને મારીને માતાજીને પ્રસન્ન કરવા દાણા જોયા હતા. આવી ઘટના કમ કમાટી ઉપર તેનો પ્રસાદ બનાવતા હતા તે વખતે જ વિજ્ઞાન જાથા પહોંચી ગઈ અને તેમને સામે બાબરા પોલીસ સ્ટેશનને અટક વગેરેની કાર્યવાહી ચાલુ કરી અને જે મારવાના કાપવાના સાધનો હતા બધાય જપ્ત કરવામાં આવેલ હતા. ૧૧ જે રસ્તામાં પશુ હતા તે તુરંત તેના સાગ્રિતોએ સગે વગે કરી દીધાની માહિતીની જાથાને જાણ થઈ હતી. આ બાબરા પંથકની અંદર જે પશુબલીની ઘટના બની અને કબૂલાત આપી કે હવે પછી ક્યારેય અમે પશુની હત્યા કરીશું નહીં અને મીઠી માનતા રાખીશું વિજ્ઞાન જાથાને અમરેલીના એસપીએ મદદ કરી અને બાબરા પોલીસ સ્ટેશનના પીઆઈ પોલીસ સબ ઈસપેક્ટ અને પોલીસનો સમગ્ર સ્ટાફ ફાળવી દેતા આંખો મામલો પ્રકાશમાં આવ્યો હતો. વિજ્ઞાન જાથાએ પોલીસ તંત્રને અભિનંદન આપી અને આ પશુબલીનો રિવાજ છે કાયમી આ પરિવાર બંધની જાહેરાત કરી છે પરંતુ ગુના સંબંધી **FIR**ની કાર્યવાહી ચાલુ છે અને વધુ તપાસમાં હકીકત નીકળશે તે અંગે વિવિધ કલમો હેઠળ અને કુરર્તાપૂર્વક હત્યા સંબંધી કલમો લગાડવામાં પોલીસ તજવીજ કરી રહી છે.

# સ્વાતિ યુક્ત નક્ષત્રમાં રવિવારે દિવાળી ઉત્તમ

આસો વદ ચૌદશને રવિવારે તા.૧૨-૧૧-૨૩ ના દિવસે દિવાળી છે બોંપોરે ૨.૪૪ સુધી ચૌદશ તિથી છે ત્યાર બાદ અમાસ છે તથા સ્વાતિ નક્ષત્ર રાત્રે ૨.૫૦ સુધી આખો દિવસ અને રાત્રી છે આથી શુભ છે સ્વાતિ નક્ષત્ર મા ચોપડા પૂજન કરવું લક્ષ્મી પૂજન કરવું ઉત્તમ ગણાય છે

સ્વાતિ નક્ષત્ર હોવાથી દિવાળીના દિવસે ચોપડા પૂજન આખો દિવસ અને રાત્રી મા કરવુ શુભ ગણાશે

દિવાળીનું મહત્વ દીપાવલીનું મહત્વ (૧) આ દિવસે સમુદ્રમાંથી લક્ષ્મીજીનો પ્રાદુર્ભાવ થયેલો. (૨) શ્રી રામ ચંદ્ર ભગવાન રાવણને મારી વિજય મેળવી અને દીવાળીના દિવસે અયોધ્યા પરત પધાર્યા હતા. (૩) ઉજ્જૈનના સમ્રાટ વિક્રમાદિત્યએ સુરાજ્ય શાસન પર્વની સ્થાપના આ દિવસે કરી હતી. (૪) શ્રી કૃષ્ણ ભગવાને કાળી ચૌદશના દિવસે નરકાસુરનો વધ કયી અને બીજા દિવસે એટલે કે દિવાળીના દિવસે લોકોએ ઉત્સવ ઉજવ્યો હતો. (૫) પાંડવો ચૌદ વર્ષનો વનવાસ ભોગવી અને હસ્તિનાપુર પધાર્યા તે દિવસ હતો દિવાળીનો. આમ અલગ અલગ પ્રકારે દીપાવલીનું મહત્વ રહેલું છે.

પુરાણમાં મહત્વ આપણા પદમ પુરાણ ભવિષ્ય પુરાણ ગ્રંથોમાં જુદી જુદી રીતે દિવાળીનું મહત્વ છે . તેમાં ખાસ કરીને બ્રહ્મ પુરાણ પ્રમાણે દિવાળીની રાત્રિએ લક્ષ્મીજી સ્વયં લોકોના ઘરમાં પધારે છે આથી જ લોકો ચોપડા પૂજન કરે છે અને પોતાનું ઘર સ્વચ્છ રાખે છે.

ચોપડા પૂજનનું મહત્વ મહાલક્ષ્મીજી ના આઠ સ્વરૂપ છે. દિવાળીના ચોપડા પૂજન મા કલમ એટલે કે પેન ને મહાકાળીનું સ્વરૂપ ગણી પૂજા કરવામાં આવે છે. મા લક્ષ્મીજીનો સિક્કો ચોપડા પર રાખી પૂજન કરવામાં આવે છે . અને મહા સરસ્વતી એટલે કે ચોપડાનું પૂજન સ્વયં સરસ્વતી માતાજી તરીકે પૂજવામાં આવે છે . આમ ચોપડા પૂજન માં મહાકાલી મહાલક્ષ્મી મહા સરસ્વતીનું પૂજન કરવામાં આવે છે . અને છેલ્લે લક્ષ લાભ.. લાભ સવાયા બોલવા મા આવે છે એટલે કે મહા લક્ષ્મીજીની કૃપાથી અમારો વ્યાપાર સવાયો થાય

અષ્ટ લક્ષ્મી ના નામઃ ૧. ઓમ શ્રી લક્ષ્મયૈ નમઃ ૨. ઓમ વિદ્યા લક્ષ્મી નમઃ ૩. ઓમ સોભાગ્ય લક્ષ્મી નમઃ ૪, ઓમ અમૃત લક્ષ્મી નમઃ ૫. ઓમ કામ લક્ષ્મી નમઃ ૬, ઓમ સત્ય લક્ષ્મી નમઃ ૭. ઓમ ભોગ લક્ષ્મીનમઃ ૮, ઓમ યોગ લક્ષ્મી નમઃ

**શાસ્ત્રી રાજદીપ જોશી**
**(વેદાંત રત્ન)**

# ખંભાળિયાની પરિણીતા પર દુષ્કર્મ કેસમાં આરોપીને સાત વર્ષની સખત કેદ તથા દંડ

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૧

ખંભાળિયામાં મિલન ચાર રસ્તા વિસ્તારમાં રહેતા ચેતન ધનજીભાઈ વારસાકીયા નામના શખ્સ દ્વારા એક પરિણીત મહિલાને તેણીના પતિ તથા બાળકોને મારી નાખવાની ધમકી આપી, ગત તારીખ ૨૫ ઓગસ્ટ ૨૦૧૭ ના રોજ દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવા અંગેની ધોરણસર ફરિયાદ તારીખ ૮ સપ્ટેમ્બર ૨૦૧૭ ના રોજ અહીંના પોલીસ મથકમાં નોંધાવવામાં આવી હતી. આ પ્રકરણમાં પોલીસે દુષ્કર્મની કલમ ૩૭૬ મુજબ ગુનો નોંધી, આરોપીની અટકાયત કરીને અહીંની કોર્ટમાં ચાર્જ સીટ રજૂ કર્યું હતું. આ પ્રકરણમાં સરકારી વકીલ એલ.આર. ચાવડા દ્વારા અદાલત સમક્ષ ભોગ બનનાર તથા મેડિકલ ઓફિસરની જુબાની અને અન્ય પુરાવાઓ સાથે ધારદાર દલીલો કરતા નામદાર અદાલતે આરોપી ચેતન ધનજીભાઈ વારસાકીયાને તકસીરવાન ઠેરવી, સાત વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૦,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો છે. આ પ્રકરણમાં અદાલતે ભોગ બનનાર મહિલાને વિટનેસ કમ્પેન્શન સ્કીમ હેઠળ રૂપિયા એક લાખનું વળતર ચૂકવવા માટે પણ હુકમ કર્યો છે.

# સરકારની બેધારી તલવાર સામે આક્રોશ, સૌરાષ્ટ્રમાં ખાતરની અછત દુર કરો : અરવિંદભાઈ લાડાણી લાલઘુમ

(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૧૧

માણાવદર, વંથલી, મેંદરડા મત વિસતારના કોંગ્રેસના ધારાસભ્ય અરવીંદભાઈ લાડાણી સરકારની બેધારી નિતી રીતી તથા બેધારી તલાવ જેવી રીત સામે લાલઘુમ થયા છે. તેઓએ યાદીમાં જણાવ્યું છે કે એક તરફ ખેડૂતો દેશહિતમાં અન્ન ઉત્પાદન કરવા લોહી આપી એક કરી દિવસ રાત કાળી મજુરી કરી રહયા છે ત્યારે ખેત પેદાશો માટે ઉપયોગી એવા જરૂરી ખાતર સમગ્ર સૌરાષ્ટ્રના ખેડૂતોને ઘણા સમયથી મળતું નથી. જેમાં ડીએપી તથા એનપીકે ખાતરની તંગી સર્જાય છે.

ખેતપેદાશોના વિકાસ તથા ઉત્પાદનમાં આ બંને ખાતર અનિવાર્ય છે ત્યારે અરવીંદભાઈ લાડાણી આ કૃત્રિમ તંગી ઉભી કરનારા સરકાર સામે લાલઘુમ થયાછે. સૌરાષ્ટ્રનો ખેડૂત ખાતર વિના ઉત્પાદન કેવી રીતે વધારે ? હાલ શિયાળુ પીયતની મૌસમ છે. ઘઉં, ચણા, જીરૂ, ડુંગળી, લસણ જેવા પાકો વાવવાનો સમયે ડીએપી તથા એનપીકે ખાતર ઉપયોગ કરતા હોય છે ત્યારે સમગ્ર સૌરાષ્ટ્રના ખેડૂતોના આ ખાતર મળતું નથી. આથી ખેતી ઉપર ઉત્પાદન ઉપર અસર કરે, ઉત્પાદન ઓછું થાય તેથી ખેડૂતોને નુકશાની થાય છે. અછત અંગે ખાતર ઉત્પાદન કરતી કંપની સાથે અરવીંદભાઈ લાડાણીએ વાતચીત કરી તો જાણવા મળ્યું કે ભાજપ સરકારે અબજો રૂપીયાની ચુકવવા પાત્ર સબસીડી આ કંપનીઓને ચુકવેલ નથી. તેથી કંપનીઓએ ઉત્પાદન કે આયાત કરી શકતા નથી. આવી બેધારી નિતી રીતી ભાજપ સરકારની છે. તે ખેડૂત વિરોધી તથા સૌરાષ્ટ્રનો ખેડૂતની પ્રગતિ ખુદ સરકાર જ નથી ઈચ્છતી તેવું આનાથી ફલિત થઈ રહયું છે. ખેડૂતો પણ આગામી ચુંટણીમાં મતદાન ભાજપ વિરૂધ્ધ કરશે તેવી રણનીતી બનાવશ તેવું ચર્ચાય રહ્યું છે.

# બુધવારે ભાઈબીજનું મહત્વ

બુધવારે ભાઈબીજ નું વ્રત કરવાથી અકાળ મૃત્યુ અકસ્માત મૃત્યુનો ભય રહેતો નથી જાણો ભાઈબીજ નું ધાર્મિક મહત્વ કારતક સુદ બીજ ને બુધવાર તા.૧૫-૧૧૨૩ ના દિવસે ભાઈબીજ છે. ભાઈબીજ એટલે પુરા ભારત વર્ષમાં નહીં પરંતુ આખી દુનિયામાં ભાઈ - બહેનના સ્નેહ અને પ્રેમ નું પર્વ એટલે ભાઈબીજ. આ દિવસે સવારે વહેલા ઉઠી નિત્યકર્મ કરી અને ત્યારબાદ બપોરે ૧૨ વાગ્યે યમના જળનું આચમન ઘરના બધા જ સભ્યોએ કરવુ . કહેવાય છે કે બપોરે ૧૨ વાગ્યે યમુનાજી સાક્ષાત પધારે છે આથી યમુના જળનું આચમન કરવુ ઉત્તમ છે.


એવી એક માન્યતા છે પુરાણોમાં ભાઈબીજ નું મહત્વ અને તેના વ્રતનું ફળ પૌરાણીક કથા પ્રમાણે યમુનાજી પોતાના ભાઈ યમને જમવા બોલાવે છે પરંતુ યમરાજાને ફુરસદ ન હોવાથી તે ભાઈબીજના દિવસે જમવા આવે છે ત્યારે યમુનાજી ભાત ભાતના પકવાન બનાવી પોતાના ભાઈને જમાડે છે અને ત્યારે યમ રાજા કહે છે બહેન આર્શીવાદ માંગ તારે શું જોઈએ છે ત્યારે યમુનાજી કહે છે કે જે બહેનના ઘરે આજના દિવસે જે ભાઈ જમવા જશે તેને યમ યાતના ભોગવી ન પડે તથા તેને અકાળ મૃત્યુ ન આવે યમ રાજા આર્શીવાદ આપે છે આમ આજના દિવસે જે ભાઈ પોતાના બહેનના ઘરે જમવા જાય છે તેને અકાળ મૃત્યુનો ભય રહેતો નથી. આ દિવસે પોતાના બહેનના હાથે બનાવેલી રસોઈ જમવાથી ભાઈને દીર્ઘ આયુષ્યની પ્રાપ્તિ થાય છે અને શત્રુ ભય રહેતો નથી.

**શાસ્ત્રી રાજદીપ જોશી(વેદાંત રત્ન)**

**પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન**
સિગ્નલીંગ કામ
ઈ-ટેન્ડર નોટીસ નં.: DRM-RJT- 23-24-SnT-E-18 તા. 02.11.2023 ઓફિસનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (એસએન્ડટી) પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360001. 1. ટેન્ડર નં. : DRM-RJT- 23-24-SnT-E-18 તા. 02.11.2023 કામનું નામ: રાજકોટ ડિવિઝનઃ વાયરલેસ સિસ્ટમના માધ્યમથી ટ્રેક સર્કિટ / બ્લોક વર્કિંગ / ... ટેન્ડર કિંમત : ₹ 1,17,57,911.70 (₹ એક કરોડ સત્તર લાખ સત્તાવન હજાર નવસો અગિયાર અને સીત્તેર પૈસા પૈસા માત્ર) અર્નેસ્ટ મની ડીપોઝીટ: ₹ 2,08,800.00 (₹ બે લાખ આઠ હજાર આઠસો માત્ર) ટેન્ડર ફોર્મ પડતર : ₹ 00.00 (શૂન્ય) જીસીસી-જુલાઈ-2022, પેરા-3 મુજબ. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ અને સમય : 04.12.2023, 15.30 કલાક સુધી. વેબસાઈટની વિગત: www.ireps.gov.in 103
અમને લાઇક કરો: facebook.com/WesternRly

torrent POWER DNHDD
**સલામત દિવાળી, જીવનમાં ખુશાલી**
વીજળીના શોક થી બચવા માટે વાયરિંગમાં અર્થ લીકેજ સર્કિટ બ્રેકર અનિવાર્યપણે લગાવવું
વીજળીના સાધનોનું યોગ્ય અર્થીંગ કરી તેની જાળવણી કરવી એ વીજ સલામતી માટે હિતાવહ છે
ડેકોરેશન માટે વાપરવામાં આવેલ તોરણોના વાયરો કપાયેલા કે ઘસાયેલા ના હોય તેની ખાતરી કરવી તેમજ તેમાં જોઈન્ટ રાખી હંગામી રીપેરીંગ કરવું નહીં
મકાનનું વાયરિંગ ખરાબ હોય તો અધિકૃત વાયરમેન પાસે તુરંત રિપેર કરાવવું
એક જ સોકેટમાં ઘણાં બધાં કનેક્શન લગાવવા નહીં
વીજ સ્થાપનો નજીક ફટાકડા ફોડશો નહીં તેમજ તેની નજીક કચરાનો સંગ્રહ કરી બાળવો નહીં
ફટાકડા ફોડતી વખતે ખુલતા કપડાં પહેરવા નહિ, ફટાકડા ખીસ્સામાં રાખવા નહીં તેમજ ઘરની નજીક ફોડવા નહીં
ફટાકડા ફોડતી વખતે પાણીની બાલ્ટી (ડોલ) તેમજ ફર્સ્ટ એડ બોક્સ હાથવગા રાખવા
આપની સેવા માં હરહંમેશ હાજર
Mobile app
Web:connect.torrentpower.com
Email:connect.dnhdd@torrentpower.com
90999 91912, 1800-233-9500, 19126, 1800-270-5551

# આવતીકાલે દિપાવલી અને મંગળવારે નૂતન વર્ષના પર્વને ઉજવવા લોકોમાં અનેરો ઉત્સાહ











## જૂનાગઢની બજારોમાં જામ્યો દિવાળીની ખરીદીનો માહોલ ઘર આંગણાની સજાવટ લાઈટ ડેકોરેશનથી બજારો શણગારાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ગઈકાલે ધનતેરસના દિવસથી દિપાવલીના પર્વની ઉજવણીનો પ્રારંભ થયો છે. આવતીકાલે પ્રકાશનું પર્વ એવા દિપાવલી પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે. ચોપડા પૂજન, શારદા પૂજન સહિતના કાર્યક્રમો તો ખરા જ ઉપરાંત મંગળવારે નૂતન વર્ષની ઉજવણીનો માહોલ સર્વત્ર પ્રસરી રહ્યો છે. આજે કાળી ચૌદશના દિવસે ખાસ કરીને હનુમાનજી મહારાજને પૂજન-અર્ચન તેમજ પ્રસાદ ધરવામાં આવશે અને આવતીકાલે દિપાવલીના પર્વને વધાવવા લોકોમાં ઉત્સાહનો માહોલ છે. દિપાવલીના આ પર્વ પ્રસંગે સવારથી જ પૂજન સહિતના કાર્યક્રમો તેમજ ફટાકડાની આતશબાજી સાથે આ પર્વને મનાવવામાં આવશે અને લોકોમાં પણ ઉત્સાહનું મોજુ પ્રસરી રહ્યું છે. જૂનાગઢ શહેરમાં દિવાળીના તહેવારોને લઈને મુખ્ય મુખ્ય બજારોમાં ખરીદીનો માહોલ જામ્યો છે. ત્યારે કાપડ બજાર, ફટાકડા, રંગોળીના કલર, દીવડા, તોરણ, મુખવાસ સહિતની ચીજવસ્તુઓની ખરીદી માટે બજારોમાં ભીડ જોવા મળી રહે છે. પોલીસે પણ કોઈ અનિચ્છનીય ઘટના ના બને તે માટે ઠેર-ઠેર ચેકિંગ અને બંદોબસ્ત મુકી દીધો છે. વેપારીઓએ છેલ્લા કેટલા દિવસોથી મંદીનો સામનો કર્યા બાદ બજારમાં ખરીદીનો માહોલ જોવા મળતા વેપારીઓએ હાશકારો અનુભવ્યો હતો. તેમજ ઓણસાલ વરસાદ પણ સારો પડવાથી જેથી આ વર્ષે વેપાર-ધંધામાં તેજી દેખાઈ રહી છે. જૂનાગઢ શહેરમાં હાલ ખાસ કરીને માંગનાથ રોડ, એમજી રોડ, પંચહાટડી ચોક, દિવાન ચોક, આઝાદ ચોક સહિતના વિસ્તારોમાં ખરીદી માટે ગૃહિણીઓની ભીડ જોવા મળી રહી છે. કપડાની ખરીદી માટે કાપડ બજારમાં દુકાનોમાં ગ્રાહકો ઉમટી પડ્યા હોવાના દ્રશ્યો દેખાઈ રહ્યા છે. તો ફટાકડા બજારમાં પણ અનેક સ્ટોલ ઉભા કરાયા છે. દિવાળીના તહેવારોને લઈને ઘરમાં નવા તોરણ, મુખવાસ, કાજુ-બદામ, નાન ખટાઈ સહિતની ચીજવસ્તુઓ ખરીદવા માટે ભીડ જોવા રહી છે. બજારોમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે જીલ્લા પોલીસ વિભાગ દ્વારા તકેદારીના ભાગરૂપે બંદોબસ્ત અને વાહન ચેકિંગ, ફૂટ પેટ્રોલિંગ શરૂ કરવામાં આવ્યું છે. શંકાસ્પદ વ્યકિતઓની પુછતાછ અને સીસીટીવી કેમેરાથી સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. બજારમાં વેંચતા ચાઈનીઝ ફટાકડાને લઈને ફટાકડાના સ્ટોલ ઉપર ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

આ વર્ષે મુખવાસમાં ૧૫-૨૦ ટકા ભાવ વધારો

દિવાળી ઉપર ઘરમાં મુખવાસનું ખાસ મહત્વ હોય છે. ત્યારે આ વર્ષે મુખવાસમાં ગત વર્ષની સરખામણીએ ૧૫થી ૨૦ ટકાનો ભાવ વધારો જોવા મળી રહ્યો છે. આશરે ૧૨ ટન જેટલા મુખવાસનું વેંચાણ થવાનો અંદાજ છે. કલકત્તી બનારસી પાન, ગુલકંદ, આમળા તલ, વરીયાળી સહિતના ૮૦ જેટલા મુખવાસ બજારમાં જોવા મળી રહ્યા છે.

વિવિધ ચીજવસ્તુઓની ખરીદી સાથે રેડિયમ, પિસ્તા, લવન્ડર ઉપરાંત જર્મન ચોકલેટની માંગ

આ વર્ષે દેશી સાથે ઈંગ્લીશ અને જર્મન રંગોના સમન્વયથી ફયુઝન રંગોળીનો ક્રેઝ વધ્યો છે. સાથે રેડિયમ, પિસ્તા, લવન્ડર ઉપરાંત જર્મન ચોકલેટની માંગ છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે કલરના ભાવમાં ૧૦ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે. ઘરના સુશોભના માટે રંગબેરંગી તોરણ, ફુલ સહિતના સુશોભિત ચીજવસ્તુઓની ડિમાન્ડ જોવા મળી રહી છે.

## જૂનાગઢના પ્રાચીન મહાલક્ષ્મી માતાજીના દર્શને ભાવિકો ઉમટી પડયા : સોમવારે અન્નકૂટ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ શહેરના દાણાપીઠમાં આવેલા ૪૬૭ વર્ષ પ્રાચિન મંદિરે શ્રી મહાલક્ષ્મી માતાજી બાળસ્વરૂપે બિરાજમાન છે. દર વર્ષેની માફક આ વર્ષે પણ ગઈકાલે ધનતેરસથી નૂતનવર્ષ સુધીના દિવસો દરમ્યાન મંદિરે ખાસ દર્શન, પૂજન, હવન અને અન્નકૂટના દર્શન યોજાવામાં આવી રહ્યા છે. ગઈકાલે વહેલી સવારથી જ અહી ભાવિક ભક્તોની ભારે ભીડ જામી હતી. મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી ભૂપેન્દ્રભાઈ વ્યાસે જણાવ્યું હતું કે, આ મંદિર આશરે ૪૬૭ વર્ષ પૌરાણીક છે, દર વર્ષે માગસર સુદ નોમના દિવસે માતાજીનો પ્રાગટ્ય ઉત્સવ ઉજવાય છે. તેમજ ધનતેરસથી નૂતન વર્ષ સુધી અહી વિવિધ ધાર્મિક આયોજનો કરવામાં આવે છે. દિવાળીના તહેવારોમાં મંદિરે મોટી સંખ્યામાં ભાવિક ભક્તોની ભીડ ઉમટી પડે છે. આજે સવારે ૫:૩૦ કલાકથી મોટી સંખ્યામાં ભાવિક ભક્તો દર્શન માટે ઉમટી પડયા હતા. ધનતેરસથી બેસતા વર્ષ સુધી મંદિરમાં દર્શનનો સમય સવારે ૫:૩૦ કલાકથી બપોરના ૧૨:૩૦ કલાક સુધીનો રહેશે, જયારે સાંજે ૫ કલાકથી રાતના ૧૦ વાગ્યા સુધી મંદિર ખુલ્લું રહેશે. તા.૧૩ને સોમવારે મહાલક્ષ્મી મંદિરે અન્નકૂટના દર્શન રાખવામાં આવ્યા છે. જેનો દર્શનનો સમય સાંજના ૫:૩૦ કલાકથી રાતના ૯ કલાક સુધી રાખેલ છે. અહી આજના દિવસે વેપારીઓ દ્વારા માતાજી સન્મુખ પોતાના હિસાબના ચોપડા અર્પણ કરીને બાદમાં પોતાના ધંધા-રોજગાર સ્થળે ચોપડા પૂજન કરવામાં આવે છે તેનું ખાસ મહત્વ છે. વેપારીઓ દ્વારા ચોપડા પૂજન કરવામાં આવ્યું હતું.

સાથે શહેરમાં આવેલ અલગ-અલગ હવેલીઓમાં પણ રમા એકાદશીથી તા.૧૩ સોમવાર એમ પાંચ દિવસ દર્શન, ગોવર્ધન પૂજા, અન્નકૂટ સહિતના આયોજનો કરવામાં આવ્યા છે. બીએપીએસ સ્વામી મંદિરે સોમવારે ૧૧૦૦થી વધુ વાનગીઓના અન્નકૂટ દર્શન યોજાશે જેના દર્શનનો લાભ લેવા ભાવિકોને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.


## જૂનાગઢમાં શ્રી ગણેશ એન્ટરપ્રાઈઝ જુના આંગડીયા પેઢીના માલિક સામે રૂા.૭,૩૪,૫૦૦ની છેતરપિંડીની ફરિયાદ : ચકચાર

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

આજના સમયમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ સરળતાથી નાણાં જે તે પાર્ટીને મળી જાય તે માટે આંગડીયા પેઢીની સુવિધા વેપારીઓ લેતા હોય છે. પરંતુ કયારેક વેપારીના નાણાંની છેતરપિંડી થવાના બનાવો પણ સમયાંતરે બહાર આવતા હોય છે. જૂનાગઢમાં આવેલ શ્રી ગણેશ એન્ટરપ્રાઈઝ જુના આંગડીયા પેઢીના માલિક સામે રૂા.૭,૩૪,૫૦૦ની છેતરપિંડીની ફરિયાદ નોંધાતા ચકચાર જાગી ઉઠી છે. આ બનાવ અંગે એ ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર માંગનાથ પાર્કિંગ ચોક, શ્રી ગણેશ એન્ટરપ્રાઈઝ જુના આંગડીયા ખાતે બનેલા બનાવ અંગે નરેન્દ્રભાઈ કિશનચંદ મુલચંદાણી સીંધી રહે. મોહનનગર, અક્ષર રેસીડેન્સીની સામે, ગીરીરાજ મેઈન રોડ, સુકન, જૂનાગઢ વાળાએ શ્રી ગણેશ એન્ટરપ્રાઈઝ જુના આંગડીયા પેઢીના માલિક હરેશભાઈ શંકરજીભાઈ ચાવડા રહે.ઝાંઝરડા રોડ, રિલાયન્સ મોલની પાછળ, હરીઓમનગર, મુળ રહેવાસી ગામ ખંડોસણ, તાલુકો વિસનગર, જીલ્લો મહેસાણા વાળા વિરૂધ્ધ પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના આરોપીએ પોતાની શ્રી ગણેશ આંગડીયા પેઢીમાં ફરિયાદીના અલગ-અલગ પાર્ટીને મોકલવાના કુલ રૂા.૧,૮૩,૦૦૦ તથા પરમાનંદભાઈના અલગ-અલગ પાર્ટીને મોકલવાના કુલ રૂા.૫,૫૧,૫૦૦ મળી કુલ રૂા.૭,૩૪,૫૦૦ આંગડીયા પેઢી મારફતે જે તે પાર્ટીને મોકલવા આપતા ફરિયાદીને વિશ્વાસમાં લઈ જે તે પાર્ટીને સુધી પૈસા નહી મોકલી પોતે આંગડીયા પેઢી ચલાવતા હોય વેપારી તરીકે ફરિયાદી તથા સાહેદ સાથે વિશ્વાસઘાત, છેતરપિંડી કરી પૈસા લઈને ભાગી જઈ ગુનો કર્યા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાવતા એ ડીવીઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ–કલા યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ: હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી
૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે
ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..
નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે
:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ
૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-
ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

અદ્યતન બંગલો વેચવાનો છે
બજાર કિંમતથી અડધી કિંમતે, મોટા મોટા પાંચ રૂમ, હોલ, કિચન વરસાદના પાણીનો ૯૦૦૦ લિટરનો ભૂગર્ભ ટાંકો, ૧૬૦ ફૂટનો બોર, રોયલ ટચ સનમાઈકા અને દશ વર્ષ ગેરંટી વાળા પ્લાયવુડ સાથેનું ફર્નિચર, ૧૦૦% પાઇનવાળા ગર્જન કંપનીના બધા જ દરવાજા, દરેક બારીમાં મચ્છર જારી, ૧૫૨ ચોરસ વારમાં ૯૦% બાંધકામ, ઉતરાભિમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર મુજબનું ફક્ત ૯ નવ વર્ષનું નવું બાંધકામ, અદ્યતન બંગલો વેચવાનો છે.
દોમડીયાવાડી પાસે, SBI સામે, ગીરીકુંજ સોસાયટી.
મો. ૭૫ ૭૫ ૮૦ ૬૫ ૮૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર


બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮ નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨